dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 08 | Issue- 108 | AD - 2025, Paush Vad - 07 | Tuesday, Dt.21-01-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00




# પ.બંગાળ આરજી કાર હોસ્પિટલ રેપ એન્ડ મર્ડર કેસમાં આરોપી સંજય રોયને આજીવન કેદ



કોલકતા, તા.૨૦

પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતાના આરજી કાર કેસમાં સોમવારે સજાની જાહેરાત કરવામાં આવી છે. કોર્ટે બપોરે ૨.૪૫ વાગ્યે પોતાનો ચુકાદો સંભળાવ્યો અને દોષિત સંજય રોયને આજીવન કેદની સજા ફટકારી. સિયાલદાહ કોર્ટે સંજય રોય પર ૫૦,૦૦૦ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો. સિયાલદાહ કોર્ટના ન્યાયાધીશ અનિર્બાન દાસે કહ્યું કે આ દુર્લભમાં દુર્લભ કેસ નથી. પીડિતાના પરિવારને તેના મૃત્યુ માટે ૧૦ લાખ રૂપિયાનું વળતર અને વધારાના ૭ લાખ રૂપિયા આપવા જોઈએ. અગાઉ, સરકારી આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં મહિલા ઈન્ટર્ન ડોક્ટર પર બળાત્કાર અને હત્યાના કેસમાં કોલકાતાની એક કોર્ટે સંજય રોયને દોષિત ઠેરવ્યા હતા. જે કલમો હેઠળ રોયને દોષિત ઠેરવવામાં આવ્યા છે, તેમાં તેમને ઓછામાં ઓછી આજીવન કેદની સજા થઈ શકે છે, જ્યારે મહત્તમ સજા મૃત્યુદંડની થઈ શકે છે. ચુકાદો સંભળાવતા પહેલા ગુનેગારને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન સંજય રોયે કોર્ટને કહ્યું કે મને ફસાવવામાં આવી રહ્યો છે, મેં કોઈ ગુનો કર્યો નથી. આના પર સીબીઆઈએ કહ્યું કે આ એક જઘન્ય ગુનો છે. આનાથી આખા દેશને હચમચાવી નાખ્યો હતો. સીબીઆઈના વકીલે કોર્ટને જણાવ્યું હતું કે સમાજમાં લોકોનો વિશ્વાસ જાળવી રાખવા માટે અમે સૌથી કડક સજાની વિનંતી કરીએ છીએ. આ કેસમાં પીડિતાના માતા-પિતાએ ગુનેગારને મૃત્યુદંડની સજાની માંગ કરી છે. સંજય રોયના વકીલે પોતાની દલીલમાં કહ્યું કે ગુનેગારને મૃત્યુદંડની સજાને બદલે બીજી કોઈ સજા આપવી જોઈએ. ભલે આ દુર્લભમાં દુર્લભ કિસ્સો હોય, પણ તેમાં સુધારા માટે અવકાશ હોવો જોઈએ. કોર્ટે બતાવવું પડશે કે દોષિત શા માટે સુધારણા કે પુનર્વસનને પાત્ર નથી. સરકારી વકીલે પુરાવા અને કારણો રજૂ કરવા પડશે કે શા માટે તે વ્યક્તિ સુધારી શકાતી નથી અને તેને સમાજમાંથી સંપૂર્ણપણે દૂર કરવી જોઈએ. શનિવારે સિયાલદાહ કોર્ટના એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ અનિર્બાન દાસે સંજય રોયને ગયા વર્ષે ૯ ઓગસ્ટના રોજ હોસ્પિટલમાં પોસ્ટગ્રેજ્યુએટ ટ્રેઈની મહિલા ડોક્ટર પર બળાત્કાર અને હત્યાનો દોષી ઠેરવ્યો હતો. આ જઘન્ય ગુનાથી દેશભરમાં આક્રોશ ફેલાયો અને લાંબા સમય સુધી વિરોધ પ્રદર્શનો ચાલુ રહ્યા. આરજી કાર હોસ્પિટલના સેમિનાર રૂમમાં ૩૧ વર્ષીય ડૉક્ટરનો મૃતદેહ મળી આવ્યાના એક દિવસ પછી, ૧૦ ઓગસ્ટ, ૨૦૨૪ ના રોજ સંજયની ધરપકડ કરવામાં આવી હતી. ન્યાયાધીશે તેને ભારતીય દંડ સંહિતાની કલમ ૬૪, ૬૬ અને ૧૦૩ (૧) હેઠળ દોષિત ઠેરવ્યો. બીએનએસની કલમ ૬૪ (બળાત્કાર) માં ઓછામાં ઓછી ૧૦ વર્ષની સજા છે, જે આજીવન કેદ સુધી વધી શકે છે.

## ઉત્તરભારતમાં હિમવર્ષાને કારણે ટ્રેન સેવાને અસર

ન્યુ દિલ્હી,તા.૨૦

જમ્મુ-કાશ્મીર, લદાખ અને હિમાચલ પ્રદેશમાં સતત હિમવર્ષા થઈ રહી છે. બર્ફીલા પવનોને કારણે હિમાચલના ત્રણ શહેરોમાં તાપમાન માઈનસમાં પહોંચી ગયું છે. તાબોમાં સૌથી ઓછું તાપમાન માઈનસ ૫ ડિગ્રી નોંધાયું હતું. આગામી ૪ દિવસ સુધી અહીં હિમવર્ષા થવાની સંભાવના છે. આ સિવાય સોમવારે સવારે દેશના ૧૧ રાજ્યોમાં ગાઢ ધુમ્મસ પણ છવાયું હતું. મધ્યપ્રદેશ, રાજસ્થાન, પશ્ચિમ બંગાળ અને ઉત્તરાખંડ ઉપરાંત ઉત્તર પૂર્વના રાજ્યોમાં વિઝિબિલિટી ઘટી છે. દિલ્હીમાં ધુમ્મસના કારણે ૧૯ ટ્રેનો મોડી પડી હતી.


















સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
મંગળવાર, તા.૨૧-૦૧-૨૦૨૫

સરકારની ગાઈડલાઈન મુજબ બાળકનાં વજન કરતાં ૧૦ % સ્કૂલબેગનું વજન હોવું જોઈએ

# અમરેલી જિલ્લામાં સ્કૂલ બેગનાં વજનનાં નિયમનો ઉલાળ્યો

**સ્કૂલબેગનાં વજનનાં કારણે બાળકો વાંકા વળી જાય છે**

અમરેલી, તા.૨૦

કેન્દ્ર સરકારની સુચના બાદ ગુજરાત શિક્ષણ વિભાગ દ્વારા શાળામાં અભ્યાસ કરતાં બાળકોની સ્કૂલબેગનું વજન કેટલું હોવું જોઈએ જે અંગે વર્ષ ૨૦૧૮માં ગાઈડલાઈન જાહેર કરવામાં આવી હતી. મહત્વની વાત તો એ છે કે, શિક્ષણ વિભાગનાં અન્ય ઠરાવની જેમ સ્કૂલબેગનો વજન નિયત કરતો આ ઠરાવ પણ માત્ર કાગળ પર મર્યાદિત જ રહી ગયું છે. કારણ કે અમરેલી સહિત જિલ્લાની અનેક શાળાઓમાં સ્કૂલબેગનાં વજનથી બાળકો વાંકા વળી ગયેલા જોવા મળે છે. સરકારની માર્ગદર્શિકા વખતે અમરેલી જિલ્લાની વિવિધ શાળાઓમાં શિક્ષણનાં અધિકારીઓ દ્વારા સ્કૂલને પહેલાંથી જ સ્કૂલબેગનો વજન માપવાનું તપાસનું નાટક કરવામાં આવ્યું હોવાનું વાલીઓએ આક્ષેપ કર્યા છે. સ્કૂલબેગનાં વધુ વજનને લઈ


પ્રતિકાત્મક તસવીર

જિલ્લાની કોઈ શાળાઓનાં સંચાલકો સામે કાર્યવાહી થઈ હોય તેવી કોઈ ઘટના ધ્યાનમાં આવી નથી. રાજયનાં શિક્ષણ વિભાગે વર્ષ-૨૦૧૮માં સ્કૂલબેગનું વજન અને હોમવર્કને લઈ સ્પષ્ટતા કરતો ઠરાવ કર્યો હતો. આ ઠરાવમાં સુચના આપી હતી કે ધો.૧ અને ૨નાં બાળકોને હોમવર્ક આપવામાં ન આવે તેમજ ધો.૧ થી ૨ માં ભાષા અને ગણિત સિવાયનાં વિષયોના પુસ્તકો લાવવા માટે દબાણ ન કરવું તેમ છતાં ખાનગી શાળાઓ દ્વારા પહેલા ધોરણનાં બાળકોને પણ તેમની ક્ષમતા કરતા વધુ હોમવર્ક અપાતું હોવાનું વાલીઓમાંથી જાણવા મળ્યું છે. એ સિવાય વિદ્યાર્થીઓનાં સ્કૂલબેગનું વજન તેના વજન કરતા ૧૦% હોવું જોઈએ. પરંતુ જિલ્લાની મોટાભાગની ખાનગી શાળાઓમાં આ ગાઈડલાઈનનો અમલ થતો હોય તેવું લાગતું નથી. બીજી તરફ જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા માત્ર તપાસનાં નામે નાટક કરવામાં આવે છે. આ અંગે કડક કાર્યવાહી કરવાની કોઈ કામગીરી થતી ન હોવાના આક્ષેપો કરવામાં આવી રહ્યા છે.

## રાજુલાનાં ભેરાઈ ફાટક પાસે ટ્રક-બાઈક વચ્ચે અકસ્માત: મહિલાનું મોત

રાજુલા, તા.૨૦

ભાવનગર-સોમનાથ હાઈવે અકસ્માતનાં કારણે દિન-પ્રતિદિન રક્તરંજીત બનતો જાય છે. રાજુલા નજીક ભેરાઈ ફાટક પાસે ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માત થતાં માતા, પુત્રને ગંભીર ઈજાઓ થઈ હતી. જેમાં માતાનું સારવાર દરમ્યાન મોત નિપજયું હતું. રાજુલાનાં


ભેરાઈ ફાટક પાસે ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માત થતાં બાઈક સવાર માતા, પુત્રને ગંભીર ઈજાઓ પહોંચતા બન્નેને તાત્કાલિક સારવાર અર્થે મહુવા રીફર કરવામાં આવ્યાં હતા. જો કે મહિલાને વધુ ઈજા હોવાથી ભાવનગર અને ત્યારબાદ અમદાવાદ ખસેડવામાં આવ્યાં હતાં. અમદાવાદ સારવાર દરમ્યાન ઈજાગ્રસ્ત રૂપલબેન પરમારનું મોત નિપજયું હતું. અકસ્માતનાં કારણે ભાવનગર-સોમનાથ હાઈવે પર ટ્રાફિકજામના દ્રશ્યો જોવા મળ્યાં હતા. જોકે ટ્રાફિક બ્રિગેડનાં જવાનોએ ટ્રાફિકને કલીયર કરાવ્યો હતો. અકસ્માતની જાણ થતાં રાજુલાનાં સેવાભાવી આગેવાનો પણ સ્થળ પર દોડી આવ્યા હતા.

## સાવરકુંડલા ખાતે આવેલ શાળા નંબર ૪ ખાતે ટેબ્લેટ વિતરણ કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા, તા.૨૦

અમેરિકન ઈન્ડિયા ફાઉન્ડેશન દ્વારા ચાલતા દીપશાળા પ્રોજેક્ટ અંતર્ગત શ્રી બ્રાન્ચ શાળા નં. ૪ સાવકુંડલામાં ધોરણ ૭ ના તમામ વિદ્યાર્થીઓને ટેબ્લેટ વિતરણ કરવામાં આવ્યા હતા.આ કાર્યક્રમમાં વિપુલભાઈ, શાળા એસએમસી કમિટીના સભ્યો, વાલીગણ ઉપસ્થિત



રહ્યા હતા. અને દાતા ભરતભાઈ દેસાઈ અને સવિંદ વેંન્ચરનો પણ આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. આ ટેબ્લેટ વિદ્યાર્થીઓને ખુબ જ ઉપયોગી સાબિત થશે અને વિદ્યાર્થી ડીજીટલ લીટરેસીમાં પણ ખૂબ સારી શૈક્ષણિક પ્રવૃતિ કરી શકશે. તેવું શાળાના આચાર્ય પૂજાબેન જોશી દ્વારા જણાવવામાં આવ્યું હતું. એઆઈએફ CO. દિપકભાઈ દ્વારા આ ટેબ્લેટની કાળજી લેવા બાબતે વાલીગણને સમજ આપવામાં આવી હતી.

## સણોસરા ગામે પપ લાખનાં ખર્ચે તૈયાર થનાર ચેકડેમનું કૌશિક વેકરીયાનાં હસ્તે ખાતમુહૂર્ત

અમરેલી, તા.૨૦

અમરેલી તાલુકાનાં સણોસરા ગામે ભૂગર્ભ પાણીનાં તળ ઉંચા આવે તે માટે સરકાર દ્વારા ચેકડેમ મંજુર કરવામાં આવ્યો છે. પપ લાખ રૂપિયાનાં ખર્ચે તૈયાર થનાર ચેકડેમનું ખાતમુહૂર્ત ધારાસભ્ય અને નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયાનાં હસ્તે કરવામાં



આવ્યું હતું. ગ્રામજનોએ પાણી સંગ્રહ માટે કરેલા ધારાસભ્યનાં પ્રયાસને બિરદાવ્યો હતો. આ તકે મોટી સંખ્યામાં ગ્રામજનો અને આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## સા.કુંડલાની વિદ્યાગુરુ ફાઉન્ડેશન દ્વારા આયોજિત નિબંધ સ્પર્ધામાં મોરારીબાપુના હસ્તે ઈનામ અપાયું

સાવરકુંડલા, તા.૨૦

સાવરકુંડલાની વિદ્યાગુરુ ફાઉન્ડેશન દ્વારા આયોજિત નિબંધ સ્પર્ધામાં વિજેતાઓને પૂજ્ય મોરારીબાપુના હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. ફાઉન્ડેશન દ્વારા ગોવિંદભાઈ ધોળકિયાની આત્મકથા ડાયમંડ આર ફોર એવર સો મોરાલ્સ વિષય ઉપર નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લોકશાળા ખડસલીની



કુ. ક્રિષા પ્રવીણભાઈ પટેલને પ્રથમ સ્થાન મળેલ. જેને પૂ મોરારીબાપુ અને ગોવિંદભાઈ ધોળકિયાના હસ્તે સન્માનિત કરવામાં આવેલ હતા.

## રાજુલામાં બજરંગદાસ બાપાની ૪૮મી નિર્માણ પુણ્યતિથિની ઉજવણી કરાઈ

રાજુલા, તા.૨૦

રાજુલા શહેરમાં મીરાનગર ખાતર આવેલ બગડેશ્વર મહાદેવના સાનિધ્યમાં ગુરુ આશ્રમ ભેરાઈ રોડ ખાતે બજરંગદાસ બાપાની ૪૮ મી પુણ્યતિથિ નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સવારથી જ વિવિધ કાર્યક્રમો શરૂ કરવામાં આવેલા સવારના રાજભોગ આરતી, સંધ્યા આરતી, બાપાનો મહાપ્રસાદ, હનુમાન ચાલીસા તેમજ ફ્રી રોગ સર્વ નિદાન કેમ્પ



સહિતના વિવિધ કાર્યક્રમોનું આયોજન આ બગડેશ્વર મહાદેવના મંદિરના સાનિધ્યમાં કરવામાં આવેલું હતું. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં લોકોએ હાજરી આપી હતી.

## ગાવડકા પોસ્ટ ઓફિસ દ્વારા ડાક ચૌપાલ: વિવિધ યોજનાઓ વિશે માહિતી અપાઈ

બાબાપુર, તા.૨૦

ગાવડકા પોસ્ટ ઓફીસ દ્વારા ડાક ચૌપાલ યોજાઈ હતી. જેમાં બ્રાં.પો.મા. કે.કે. મહેતા તથા હસમુખભાઈ રાવલ દ્વારા ગામમાં તથા શેરીઓમાં જઈ લોકોને પોસ્ટ ઓફીસની વિવિધ યોજનાઓ તથા સ્કીમો વિશે માહિતી આપવામાં આવી


તસવીર : હસુભાઈ રાવલ

હતી. એસ.બી.-આર.ડી., ટીડી, આર.પી.એલ.આઈ, એસ.એસ.એ. વિગેરે ખાતાઓ વિશે લોકોને માહિતગાર કરવામાં આવ્યાં હતા તેમજ સિનિયર સીટીઝન વ્યક્તિઓ માટે પણ પોસ્ટ ઓફિસમાં માસિક આવક યોજના તથા પી. પી.એફ ખાતા તથા ઈન્ડિયન પોસ્ટ પેમેન્ટ બેંક વિગેરેમાં લોકો પોતાનાં ખાતા ખોલાવી શકે તે માટે વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી.

## રાજુલાની ગાંધી લાયબ્રેરીનાં ૧૦૦ વર્ષ પૂર્ણ થતાં પાંચ લાખની સહાયની જાહેરાત


રાજુલા, તા.૨૦

રાજુલા શહેરની શ્રી કમળાબેન ર. ગાંધી ફ્રી લાયબ્રેરીએ ૧૫ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ ૧૦૦ વર્ષ પૂર્ણ કર્યા છે. આ ઐતિહાસિક પ્રસંગે ૧૯ જાન્યુઆરીએ નિવૃત્તિ સદન ખાતે શતાબ્દી મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.કાર્યક્રમમાં મુખ્ય મહેમાન



અને ગાંધી ચેરિટી લાયબ્રેરી ટ્રસ્ટના પ્રમુખ જગદીશભાઈ ગાંધીએ લાયબ્રેરીની વિકાસગાથા વર્ણવી હતી. ધારાસભ્ય હિરાભાઈ સોલંકીએ લાયબ્રેરીના રિનોવેશન અને પુસ્તકો ખરીદવા માટે રૂા.પાંચ લાખની ગ્રાન્ટ ફાળવવાની જાહેરાત કરી હતી. પ્રસંગે ગુજરાતના જાણીતા પત્રકાર ધૈવતભાઈ ત્રિવેદી સહિત અનેક સાહિત્યકારો, શિક્ષણવિદો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શાયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

**ડાયાલીસીસ સેન્ટર સહિત અદ્યતન સુવિધાઓ મળશે**

# બગસરામાં રૂા.૪.૩૨ કરોડના ખર્ચે સરકારી હોસ્પિટલનું ટૂંક સમયમાં લોકાર્પણ

બગસરા,તા.૨૦

બગસરામાં છેલ્લાં બે વર્ષથી ચાલી રહેલુ સરકારી હોસ્પિટલનું કામ પૂર્ણતાના આરે છે. રંગોરંગાણ થઈ ગયા બાદ ફર્નિચર સાથે સરકારી હોસ્પિટલનું ટૂંક સમયમાં લોકાર્પણ થાય તેવી આશા સેવવામાં આવી રહી છે. નવી સરકારી હોસ્પિટલમાં ડાયાલીસીસી સેન્ટર સહિત અદ્યતન સુવિધાઓ મળશે. બગસરામાં બે વર્ષ પહેલા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા રૂા.૪.૩૨ કરોડના ખર્ચે નવી સરકારી હોસ્પિટલનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતુ. બે વર્ષ બાદ હવે અદ્યતન સરકારી હોસ્પિટલ તૈયાર થઈ ગઈ છે. આ અંગે પીઆઈયુના નાયબ કાર્યપાલક ઈજનેર હરેશભાઈ વાળાએ જણાવ્યું હતું કે નવી સરકારી હોસ્પિટલમાં ડાયાલીસીસ સેન્ટર, ફીઝીયોથેરાપી, ૩૦ બેડ, બ્લડ સ્ટોરેજ, વેઈટીંગ એરીયા તેમજ લીફ્ટની સુવિધા સાથે અદ્યતન લેબોરેટરી બનાવવામાં આવી છે. બે દિવસમાં રંગોરંગાણ થઈ ગયા બાદ



ફર્નિચર પણ તૈયાર છે.હોસ્પિટલમાં બેડ, બેડશીટ, ઓશિકા સહિતની તમામ વસ્તુઓ નવી નક્કોર આપવામાં આવશે. આ હોસ્પિટલને ભુકંપપ્રુફ બનાવવામાં આવી છે. જો કે નવી સરકારી હોસ્પિટલ બાબતે વેપારી મહામંડળના પ્રમુખ ભાવેશભાઈ મસરાણીએ જણાવ્યું હતુ કે, નવી હોસ્પિટલમાં હવે દર્દીઓની મુશ્કેલીને ધ્યાને લઈ ઓર્થોપેડીક, એમ.એસ.,પીડ્રીયાટીશીયન, એમ.ડી સહિતના ડોકટરોની પણ નિમણૂંક કરવામાં આવે તો દર્દીઓને મફત સારવાર મળી રહે. જો કે હાલ ફાયર એનઓસીની મંજૂરી મળ્યા બાદ ટૂંક સમયમાં જ હોસ્પિટલનું લોકાર્પણ કરવામાં આવશે. આમ, બે વર્ષના અંતે શહેરીજનોને અદ્યતન સરકારી હોસ્પિટલનો લાભ મળનાર હોવાથી શહેરીજનોમાં પણ આનંદ ફેલાયો છે.

# લાઠી ખાતે ૫૫ કરોડના ખર્ચે હોસ્પિટલ સહિત વિવિધ કામોનું ખાતમુહૂર્ત

અમરેલી,તા.૨૦

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા અમરેલી જિલ્લાના લાઠી ખાતે રૂ. ૫૫ કરોડના ખર્ચે તૈયાર થનાર સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ બિલ્ડીંગ તેમજ લાઠી નગરપાલિકાના વિવિધ વિકાસ કામોનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતુ. આ તકે નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરીયા, લાઠી- બાબરા ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, જિલ્લા ભાજપ મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયા, મેહુલભાઈ ધોરાજીયા, શહેર ભાજપ પ્રમુખ ધર્મેશભાઈ સોની, જિલ્લા ભાજપના મંત્રી રાજુભાઈ ભુવા, તાલુકા પંચાયતના પ્રમુખ મધુભાઈ નવાપરા, ઉપપ્રમુખ રાકેશભાઈ સોરઠીયા, ભરતભાઈ પાડા, ભરતભાઈ મેર, અનિલભાઈ નાંઢા, ચિરાગભાઈ પરમાર સહિત મહાનુભાવો પદાધિકારીઓ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.



# અમરેલીની દીકરી ઋતુ સાવલિયાએ રચ્યો ઈતિહાસ

અમરેલી,તા.૨૦

સમર્થ ક્રિકેટ એકેડેમીની તેજસ્વી ખેલાડી ઋતુ સાવલિયાએ અમરેલી જિલ્લાનું નામ રોશન કર્યું છે. અમરેલી જિલ્લામાંથી આ સિદ્ધિ મેળવનાર તે પ્રથમ મહિલા ખેલાડી બની છે.અમરેલી જિલ્લાની એકમાત્ર સમર્થ ક્રિકેટ એકેડેમીમાં કોચ મયુર ગોરખિયાના માર્ગદર્શન હેઠળ તાલીમ લઈ રહેલી ઋતુ આગામી તા. ૨૭ને રોજ ઉદયપુર (રાજસ્થાન) ખાતે ગુજરાત તરફથી રમવા જશે. આ સિદ્ધિ બદલ અમરેલી જિલ્લા



ક્રિકેટ એસોસિયેશનના સેક્રેટરી અને સમર્થ ક્રિકેટ એકેડેમીના સ્થાપક મયુર ગોરખિયા, પ્રમુખ પી.પી. સોજીત્રા, શૈલેષ સંઘાણી, અર્જુન સોજીત્રા અને દાદાબાપુ ચિસ્તીએ ઋતુને શુભેચ્છાઓ પાઠવી હતી.

# રેલ્વે ટ્રેક પર સિંહોની સુરક્ષા માટે AI ટેકનોલોજી આવશે

**પૂર્વ વાઈલ્ડલાઈફ વોર્ડન વિપુલ લહેરીની રજૂઆત બાદ રેલ્વે વિભાગે સ્વીકારી દરખાસ્ત**

અમરેલી,તા.૨૦

અમરેલી જિલ્લાના પૂર્વ વાઈલ્ડલાઈફ વોર્ડન વિપુલ લહેરી (રાજુલા)ની સિંહોની સુરક્ષા માટેની રજૂઆતને મહત્વપૂર્ણ સફળતા મળી છે. રેલ્વે ટ્રેક પર થતા સિંહોના અકસ્માતો અટકાવવા માટે તેમણે વનમંત્રી મુળુભાઈ બેરા સમક્ષ કરેલી રજૂઆત અને ટીવી ડિબેટ્સમાં આપેલા સૂચનોને રેલ્વે વિભાગે માન્ય રાખ્યા છે.વિપુલ લહેરીએ સૂચવેલી AI ટેકનોલોજી આધારિત સિસ્ટમ હેઠળ રેલ્વે ટ્રેક આસપાસ અને લોકોપાયલોટ (ડ્રાઈવર)ના



એન્જિનમાં કોમ્પ્યુટરાઈઝ્ડ સ્ક્રીન ગોઠવવામાં આવશે. આ સિસ્ટમથી રેલ્વે ટ્રેક પર અચાનક આવી જતા સિંહોની અગાઉથી જાણકારી મળી શકશે અને અકસ્માતો નિવારી શકાશે.રેલ્વે વિભાગે આ માટેની ટેન્ડર પ્રક્રિયા શરૂ કરી છે, જે ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૫ સુધીમાં પૂર્ણ થવાની છે. આ નિર્ણય બદલ વિપુલ લહેરીએ વનમંત્રી મુળુભાઈ બેરા અને રેલ્વે વિભાગનો આભાર વ્યક્ત કર્યો છે.

# બગસરાની દીકરીએ બાયોલોજીમાં PhD કરી વ્હોરા સમાજનું ગૌરવ વધાર્યું

બગસરા,તા.૨૦



બગસરાના મેઘાણી હાઈસ્કૂલના નિવૃત્ત સુપરવાઈઝર એમ. એ. ત્રવાડીની પૌત્રી તસનીમ હુનેદભાઈ ત્રવાડીએ બાયોલોજી ક્ષેત્રે મહત્વપૂર્ણ સંશોધન કરી PhD ની પદવી મેળવી છે.આત્મીય યુનિવર્સિટી, રાજકોટના ડૉ. પ્રિતમ જોશી અને જી.બી.આર.સી. ગાંધીનગરના ડૉ. માધવી જોશીના માર્ગદર્શન હેઠળ તસનીમે હૃદ્રછના આધારિત અભિગમનો ઉપયોગ કરીને ફિલેથન્સ એમ્બલિકા, ટર્મિનલિયા બેલીરિકા અને ટર્મિનલિયા ચેમ્બુલા ધરાવતા હર્બલ ફોર્મ્યુલેશનમાં ભેળસેળની શોધ વિષય પર સંશોધન કર્યું છે.

# અમરેલી ઘટકમાં પૌષ્ટિક વાનગી સ્પર્ધાનું આયોજન

અમરેલી,તા.૨૦

અમરેલી ઘટક કક્ષાએ પોષણ ઉત્સવ ૨૦૨૪ અંતર્ગત એક મહત્વપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, જેમાં પ્રોગ્રામ ઓફિસરના માર્ગદર્શન હેઠળ "પૌષ્ટિક વાનગી સ્પર્ધા"નું આયોજન કરવામાં આવ્યું. આ સ્પર્ધામાં ટી.એચ.આર. (માતૃ શક્તિ, બાલશક્તિ, અને પૂર્ણાશક્તિ) અને મિલેટ ( અન્ન)નો ઉપયોગ કરીને વિવિધ વાનગીઓ બનાવવામાં આવી.મહિલા અને બાળ વિકાસ



વિભાગ દ્વારા લાભાર્થીઓના પોષણ અને આરોગ્ય માટે વિશેષ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આંગણવાડી કેન્દ્રો મારફતે બાળકો, કિશોરીઓ, સગર્ભા મહિલાઓ અને ધાત્રી માતાઓને દર મહિને વિનામૂલ્યે ટેક હોમ રાશન આપવામાં આવે છે, કાર્યક્રમમાં મિલેટ્સના મહત્વ પર પણ ભાર મૂકવામાં આવ્યો, જેમાં બાજરી, જુવાર, નાગલી, કાંગ, ચેણો, બંટી, કોદરી અને વરી જેવા પૌષ્ટિક ધાન્યોનો સમાવેશ થાય છે. આ તમામ અનાજ ભારતના પ્રાચીન અને ગુણકારી પાકો તરીકે ઓળખાય છે.સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર આંગણવાડી કાર્યકર બહેનોને પ્રમાણપત્રો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
હોટેલ હોલીડે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી

સંકુલ UG કોલેજ - સારૂ શિક્ષણ - ઉચ્ચ પરિણામ
★ BA(Eng) Sem. II – 96% પરિણામ સાથે 99% ફર્સ્ટક્લાસ 2023–24
★ BA(Soc) Sem. II – 95% પરિણામ સાથે 90% ફર્સ્ટક્લાસ 2023–24
★ B.Com.(EM) Sem. II – 96% પરિણામ સાથે 95% ફર્સ્ટક્લાસ 2023–24
★ B.Sc.(Appli) Sem. II – 93% પરિણામ સાથે 90% ફર્સ્ટક્લાસ 2023–24
★ B.C.A. Sem. II – 93% પરિણામ સાથે 92% ફર્સ્ટક્લાસ 2023–24
★ B.B.A. Sem. II – 96% પરિણામ સાથે 93% ફર્સ્ટક્લાસ 2023–24
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:- શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ – ચક્કરગઢ રોડ અમરેલી -Ad 096

વી. કે. મોટર્સ
VK MOTORS
Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ ક્લેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

**જાહેર નોટીસ**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ગીરગઢડા**

અરજી નં.2/2024
મરણ તારીખ :23-Jul-05

ડોડીયા કરશનભાઈ કુંભાભાઈ
રહે.હરમડીયા, ગામ-હરમડીયા
તાલુકો-ગીરગઢડા, જિલ્લો-ગીરસોમનાથ

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ )અને તલાટી કમ મંત્રીશ્રી,ગ્રામ પંચાયત કચેરી,
હરમડીયા, તાલુકો- ગીરગઢડા, જિલ્લો.ગીરસોમનાથ

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ડોડીયા કરશનભાઈ કુંભાભાઈ, રહે. હરમડીયા, ગામ-હરમડીયા તાલુકો-ગીરગઢડા, જિલ્લો-ગીરસોમનાથ વાળાએ તેમના માતા સ્વ. જેવાઈબેન કુંભાભાઈ ડોડીયાનું મરણ તારીખ:23-Jul-05ના રોજ ગીરગઢડા તાલુકાના હરમડીયા ગામ મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનુ રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૦/૦૧/૨૦૨૫ માહે જાન્યુઆરી સને ૨૦૨૫ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

હુકમથી

કોર્ટનો સિક્કો

એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
ગીરગઢડા

અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
Raj Unisex Saloon Since:1996
• હેરકટ • ટેટુઝ
• કેરાટીન • શાઈનર
• હાઈલાઈટસ • નેલ આર્ટ
• સ્મુથનીંગ • ફેસીયલ વીથ હાઈડ્રા
• બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ
• નેનો પ્લાસ્ટી • હેર એકસટેન્શન
• હેર રીપ્લેસમેન્ટ
રાજ ફેમિલી સલૂન
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.

નિત્યા સ્કીન ક્લિનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીંચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પધ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561


પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

### વારંવાર રજૂઆત કરવા છતાં તંત્ર ધૃતરાષ્ટ્રની ભુમિકામાં

# અંટાળીયા ચોકડીથી સાજણટીંબા વચ્ચેનો માર્ગ બંધ, વાહનચાલકોને ૮ કિ.મીનો ફેરો

અમરેલી,તા.૨૦

લીલીયા તાલુકામાં અંટાળીયા ચોકડી અને સાજણટીંબા વચ્ચે ગાગડીઓ નદી પર જર્જરિત પુલના બે નાળા ધરાશાયી થયા બાદ તંત્રએ એક વર્ષ સુધી માટીનું પુરાણ કરી રોડ ચાલુ કરવામાં આવ્યો હતો. જો કે ગત ચોમાસા દરમિયાન પુલનો રસ્તો સંપૂર્ણ બંધ કરી દેવામાં આવેલ છે. તંત્રને પાછલા સાત-આઠ મહિના બાદ પણ પુલની મરામતનો સમય ન મળતા રસ્તો સંપૂર્ણ બંધ કરવાની નોબત આવી છે.જેને પગલે વાહન ચાલકો આઠ થી દસ કિલોમીટરનો ફેરો ખાવા જવુ પડે છે. લીલીયા પંથકનો આ પુલ જિલ્લા પંચાયત હસ્તક આવે છે. આમ પણ આ પુલ ખૂબ જ જૂનો અને જર્જરીત જ છે. અંટાળીયાથી સાજણટીંબાના માર્ગને જોડતો આ પૂલ ગાગડીઓ નદી ઉપર બનેલો છે. દોઢ વર્ષ પહેલાં ગાગડીઓ



નદીમાં ભારે પુર આવતા પુલના બે નાળા જમીનદોસ્ત થયા હતા. જે તે વખતે તંત્રએ માટીનું પુરાણ કરી પુલ ઉપરનો રસ્તો ચાલુ રાખવામાં આવ્યો હતો. જો કે પાછલા દોઢ વર્ષથી નિભંર તંત્રએ મરામત વિશે કશું જ ધ્યાન આપ્યું નથી તેને લઈ આ માર્ગ હરીપર, હાથીગઢ, એકલારા, ગુંદરણ, ઢાંગલા સહિતના ગામોમાં અપડાઉન કરનારા વાહનચાલકોને ભારે હાડ મારી વેઠવી પડે છે.તેને લઈ પાછલા દોઢ વર્ષમાં પુલની મરામત માટે અનેક વાર લોકોએ રજૂઆત કરેલ છે. આમ છતાં તંત્ર દ્વારા લોકોની રજૂઆતનો ઉલાળીયો કરી નાખવામાં આવ્યો છે. છેલ્લાં એક વર્ષ કરતા વધારે સમયથી રસ્તો બંધ હાલતમાં હોવાથી વાહનચાલકોને આર્થિકની સાથે સમયનો પણ વ્યય થાય છે.

# અમરેલીનું ગૌરવ : ખેલ મહાકુંભમાં એસ.એચ. ગજેરા કેમ્પસના વિદ્યાર્થીઓની ઝળહળતી સફળતા

અમરેલી, તા.૨૦

અમરેલી જિલ્લાના શૈક્ષણિક અને રમતગમત ક્ષેત્રે એક નવું સીમાચિહ્ન સ્થપાયું છે. એસ.એચ. ગજેરા કેમ્પસના વિદ્યાર્થીઓએ ખેલ મહાકુંભ ૩.૦માં કરાટે ચેમ્પિયનશિપમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને ચાર મેડલ જીત્યા છે. રાજુલા અને અમરેલી ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં જ્ઞાન શક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એક્સિલેન્સના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. અંડર-૧૪ વિભાગમાં બહેનોની



કેટેગરીમાં ઝા મહાલક્ષ્મીએ ગોલ્ડ મેડલ જીત્યો, જ્યારે ભાઈઓની કેટેગરીમાં ખાંભલા સોહિલે પણ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો. બ્રોન્ઝ મેડલની કેટેગરીમાં વટાલિયા જલધિ અને ધાંધલ મનદીપે પોતાની કુશળતા દર્શાવી શાળા અને જિલ્લાનું નામ રોશન કર્યું છે. સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, વસંતભાઈ પેથાણીએ વિજેતા ખેલાડીઓ અને તેમના કોચને અભિનંદન પાઠવ્યા હતા.

# સાવરકુંડલાના થોરડી ગામે ગૌશાળામાં મકરસંક્રાંતિએ દાનની સરવાણી વહી

સાવરકુંડલા, તા.૨૦



સાવરકુંડલાના થોરડી ગામે મકરસંક્રાંતિના પર્વ પર દાનની સરવાણી વહી હતી. અમદાવાદ, સુરત, મુંબઈ, ડો. પ્રકાશ બરવાળીયા તથા ગામલોકોએ મોટી સંખ્યામાં દાન કર્યુ હતું. આ ગૌશાળામાં ઘરેથી હાંકી મુકેલા અને શારીરીક રીતે બીમાર બળદ, ગાય, વાછરડા અને વાછરડીઓની સેવા કરવામાં આવે છે. બીમાર પશુની સારવાર માટે ડોક્ટર પણ રાખવામાં આવ્યા છે.

# હડાળા ગામે પ્રાકૃતિક ખેતી માટે જીવામૃત પ્લાન્ટનું લોકાર્પણ

અમરેલી, તા.૨૦


મુરલીધર ગૌશાળા, હડાળા-અમરેલી ખાતે તા. ૧૯ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ અને ગુજરાત નેચરલ ફાર્મિંગ સાઈન્સ યુનિવર્સિટી દ્વારા એક મહત્વપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં FPO ક્ષમતા નિર્માણ અને બાયો ઈનપુટ સેન્ટરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆત ગૌ પૂજનથી કરવામાં આવી, ત્યારબાદ



મહાનુભાવોના હસ્તે બાયો ઈનપુટ સેન્ટરનું લોકાર્પણ કરવામાં આવ્યું. કાર્યક્રમમાં ધારી-બગસરા ધારાસભ્યના પ્રતિનિધિ કોકિલાબેન કાકડિયા, યુનિવર્સિટીના કુલપતિ ડૉ. સી. કે. ટીંબડીયા, આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર મહેશ જીડ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. રશ્મિકાંત ગુર્જરે FPO અને તેના ક્ષમતા નિર્માણ વિશે માહિતી આપી હતી, જ્યારે આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર મહેશ જીડે પ્રાકૃતિક ખેતી માટે મળતી સહાય વિશે માહિતી આપી હતી.કુલપતિ ડૉ. ટીંબડીયાએ પ્રાકૃતિક ખેતીનું ભવિષ્યમાં મહત્વ અને બાયો ઈનપુટનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે જણાવ્યું કે આ પ્લાન્ટ અમરેલી જિલ્લાના લોકો માટે પ્રેરણારૂપ સાબિત થશે. કાર્યક્રમના અંતે હડાળા ગામના સરપંચ પુનાભાઈએ સૌનો આભાર માન્યો હતો.

# જિલ્લા કક્ષા કલા મહોત્સવ ઓરગન સ્પર્ધામાં પ્રથમ નંબર

અમરેલી, તા.૨૦



અમરેલી જિલ્લા કક્ષાનું રાજા સ્કુલમાં કલા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. કલા મહોત્સવમાં અનેક વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ત્યારે કલા મહોત્સવમાં યોજાયેલી ઓરગન સ્પર્ધામાં મીત હિંમતભાઈ સોલંકીએ જિલ્લા કક્ષાએ કલા મહોત્સવમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરતા શાળા પરિવારે વિદ્યાર્થીને અભિનંદન પાઠવ્યા હતા. સોલંકી પરિવારે પણ મીત ઓરગન સ્પર્ધામાં ઉત્તરોતર પ્રગતિ કરે તેવી શુભકામના પાઠવી હતી.

# બોડીયા ગામ પાસે આવેલ ગાગડીયા નદીમાં ખોદકામ કરતાં હીટાચી મશીનમાંથી ડીઝલની ચોરી

**અકાળા ગામના સુપર વાઇઝરે ફરિયાદ નોંધાવી**

લાઠી, તા.૨૦

બોડીયા ગામ પાસે આવેલી ગાગડીયા નદીને ઉંડી કરવાનું કામ ચાલતું હતું. જેથી તેમાં હીટાચી મશીન મૂકવામાં આવ્યા હતા.

ત્રણ મશીનમાંથી ૪૨૦ લીટર ડીઝલની અજાણ્યો ઈસમ ચોરી કરીને ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે અકાળા ગામે રહેતા અને ધોળકીયા ફાઉન્ડેશનમાં સુપર વાઈઝર તરીકે નોકરી કરતા સુરેશભાઈ વેલજીભાઈ આકોલીયા (ઉ.વ.૪૫)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ ધોળકીયા ફાઉન્ડેશન કંપનીમાં નોકરી કરે છે. ગાગડીયો નદી ઉંડી કરવા માટે બોડીયા ગામ પાસે હિટાચી મશીનો દ્વારા નદીમાં ખોદાણ કામ ચાલતું હતું. આ ખોદાણ કામ કરતા કુલ ત્રણ હિટાચી મશીનની ટાંકીમાંથી કોઈ પણ રીતે ૪૨૦ લીટર જેટલું ડીઝલ અજાણ્યા ઈસમો ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

જેની આશરે કિ.રૂ.૩૮,૨૨૦ હતી. લીલીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ સી બી ટીલાવત વધુ તપાસ કરી રહ્યા છે.

# જાફરાબાદના સરોવડાથી ભટ્ટવદર સુધીનો ડામર માર્ગ બનાવવા રજૂઆત

**સરપંચો અને કારોબારી ચેરમેને ધારાસભ્ય સમક્ષ માંગ કરી**

અમરેલી,તા.૨૦

જાફરાબાદના સરોવડાથી ભટવદર સુધીનો ૩ કિલોમીટરનો માર્ગ ડામર બનાવવા માટે સરપંચો અને તાલુકા પંચાયતના કારોબારી ચેરમેને ધારાસભ્યને રજૂઆત કરી હતી. જાફરાબાદ તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન અનિરૂદ્ધભાઈ વાળા અને સરપંચ જયેશભાઈએ રજૂઆતમાં જણાવ્યું હતું કે સરોવડાથી ભટવદર સુધીનો ત્રણ કિ.મી નો રસ્તો છે. તે પણ સંપૂર્ણ કાચો છે. છેલ્લા ૨૦ વર્ષથી લોકો પરેશાન થઈ રહ્યા છે. જેના કારણે ભટવદરથી બારપટોળીથી સરોવડા ૬ કિલોમીટર ફરવા જવું પડે છે. ત્યારે ચોમાસામા કાચા રસ્તા પર વાહન લઈ જવા હાડમારી વેઠવી પડે છે. કેટલાક સમય સુધી તો રસ્તો સંપૂર્ણ બંધ કરવામાં આવે છે. જેના કારણે ૬ કિલોમીટર લોકોને ફરવા જવું પડે છે. આ પ્રશ્ન અંગે દર વખતે રજૂઆત કરવામાં આવે છે. પરંતુ કોઈ ઉકેલ આવતો નથી. અગાઉ સાંસદની ચૂંટણીનો બહિષ્કારની ચિમકી ઉચ્ચારી હતી. પરંતુ કોઈ જ ઉકેલ આવતો નથી. ત્યારે અહીં કાચા રસ્તા પર ડામર પટ્ટી બનાવવા માટે તેમણે ધારાસભ્ય હીરાભાઈ સોલંકીને રજૂઆત કરી માંગણી કરી હતી.

# સા.કુંડલામાં શ્રીજી ગૌ-સેવા દ્વારા ગાયોને આયુર્વેદિક લાડવાનું ભોજન



સાવરકુંડલા, તા.૨૦

સાવરકુંડલામાં શ્રીજી ગૌ-સેવા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ઉત્તરાયણપર્વ નિમિત્તે ગાયોને આફરો ન ચડે તે માટે આયુર્વેદિક લાડવાનું ભોજન આપવામાં આવ્યું હતું. શહેરની તમામ રેઢીયાળ ગાયોને સંસ્થા દ્વારા ૧૫૦૦ કિલો આયુર્વેદિક ગુંદીનાં લાડવા આપવામાં આવ્યાં હતાં. સંસ્થાની આ કામગીરીને શહેરીજનોએ વખાણી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિઃ સાતમ
તા. ૨૧-૦૧-૨૦૨૫, મંગળવાર, સૂર્યોદય-૦૭:૧૪,
સૂર્યાસ્ત-૦૫:૫૦, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ ચિત્રા

## દૈનિક રાશિફળ

**તા.૨૧-૦૧-૨૦૨૫ મંગળવાર**

મેષઃ આજનો દિવસ તમારા માટે શુભ છે અને તમને દરેક સંજોગોમાં વિજય મળશે. કાર્યકાળમાં સુધારો કરવા માટે આજનો દિવસ સારો છે.

વૃષભઃ આજનો દિવસ તમારા માટે નસીબદાર છે અને સંપત્તિની પ્રાપ્તિનો સંકેત આપી રહ્યો છે.શત્રુ હારશે અને અંતે સર્વત્ર સફળતાની પ્રાપ્તિથી ખુશ થશો.

મિથુનઃ ગ્રહોની શુભ સ્થિતિને કારણે આજે તમને અચાનક મોટી રકમ મળી શકે છે અને તમારા ભંડોળમાં પણ વધારો થશે.

કર્કઃ આજે તમારો દિવસ વ્યસ્ત છે અને આખો દિવસ કોઈક પ્રકારની વ્યવસ્થા કરવામાં પસાર થશે. પૈસાની દ્રષ્ટિએ તમને ફાયદો થશે.

સિંહઃ આજે તમારે વેપાર વ્યવસાય તરફ ધ્યાન આપવાની વધારે જરૂર છે. આજે બપોર સુધીમાં તમે તમારા છૂટાછવાયા વ્યવસાયને એક કરી શકશો.

કન્યાઃ તમારા માટે આજનો દિવસ શુભ છે અને તમને લાભ મળશે. ઘરે શુભ કાર્યો ગોઠવી શકાય છે અથવા સમાજના કોઈપણ કાર્યક્રમમાં ભાગ લઈ શકો છો.

તુલાઃ આજે તમને શ્રેષ્ઠ સંપત્તિ મળશે અને ભાગ્યની સહાયથી કાર્યો પૂરા થશે. આજે ધન રાશિના માલિકના આશીર્વાદથી તમને ભાગ્યનો સહયોગ પ્રાપ્ત થશે.

વૃશ્ચિકઃ આજે તમારો શુભ દિવસ રહેશે અને તમને પરિવારના બધા સભ્યોનો સહયોગ મળશે. ઓફિસમાં લોકો તમારી સહાય માટે તૈયાર રહેશે.

ધનઃ આજે તમે ભાગ્યની સહાયથી ખુશ અને સમૃદ્ધ થવાના છો અને આજે તમને ભેટો અને સન્માનનો લાભ મળશે.

મકરઃ આજે તમારો ખાસ દિવસ છે અને તમારી રાશિના લોકોને આજે વિશેષ લાભ મળશે.આજનો દિવસ ભાગદોડમાં વિતાવશો અને વિશેષ ચિંતા રહેશે.

કુંભઃ આ દિવસે તમને ભાગ્યનો સહયોગ મળશે. ક્ષેત્રમાં સ્થાળાંતરથી તમને ફાયદો થઈ શકે છે અને ધંધામાં પણ નફો વધશે.

મીનઃ આજનો દિવસ તમારા માટે શુભ છે અને તમને શ્રેષ્ઠ પ્રકારની સંપતિ મળશે. આજે ઘણા દિવસોથી અટકેલા પૈસા મળી શકે છે.

# રાજુલા તાલુકાના પટવા ગામે વિવિધ સહાયના હુકમનું વિતરણ કરવામાં આવ્યું

અમરેલી,તા.૨૦

રાજુલા તાલુકાના પટવા ગામે આવેલ ખોડીયાર મંદિર મુકામે ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના નિરાધાર, વૃદ્ધ પેન્શન સહાય,વિધવા સહાય તેમજ અન્ય સહાયના હુકમનું વિતરણ અને વિવિધ વિકાસકામોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કાર્યક્રમમાં



ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ હાજરી આપી હતી. અને હુકમ વિતરણ તથા અરજદારોને મળી ધારાસભ્યે સંવાદ કર્યો હતો. આ તકે તાલુકા વિકાસ અધિકારી બી. એન. કાલસરીયા, વિક્રમભાઈ શિયાળ, હરસુરભાઈ ગુજરીયા, હરસુરભાઈ લાખણોત્રા, મેરૂભાઈ ગુજરીયા, નિલેશભાઈ ગુજરીયા, જીવરાજભાઈ ગુજરીયા, રવજીભાઈ ચૌહાણ, ભરતભાઈ જોલિયા, હરરીભાઈ બારૈયા, રામજીભાઈ ચૌહાણ, સહિતના આગેવાનો ગ્રામજનો, અધિકારીઓ, પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલા શહેરમાંથી ત્રણ પ્યાસી પકડાયા

રાજુલા, તા.૨૦

રાજુલામાંથી પોલીસે ત્રણ પ્યાસીને ઝડપી ધોરણસરની કાર્યવાહી કરી હતી. રાજુલા તત્વજ્યોતી વિસ્તારમાંથી ત્રણેય પ્યાસી પકડાયા હતા. જ્યારે શેખ પીપરીયા ગામેથી પણ એક વ્યક્તિ કેફી પીણું પીધેલી હાલતમાં ફરતો મળી આવ્યો હતો. સાવરકુંડલામાં મહુવા રોડ નવા બસ સ્ટેશન પાસેથી એક યુવક ૬ લીટર પીવાના દેશી દારૂ સાથે ઝડપાયો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ કે બી ગઢવી વધુ તપાસ કરી રહ્યા છે.

## -:: જાહેર-નોટીસ ::-

ફો.પ.અ.નં.૯૮/૨૦૨૫

**મહે. શ્રી લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મું.લાઠી**

**અરજદાર તર્ફે વિ.વ.શ્રી જી.સી.કોટડીયા રહે લાઠી**

અરજદાર -: **સરધારા પ્રવીણભાઈ નનકુભાઈ ઉ.વ.પુખ્ત ધંધો ખેતીકામ ધર્મે હિન્દુ પટેલ. રહે. અલીઉદેપુર. તા. લાઠી. જી.અમરેલી**

-:: **વિરૂધ્ધ** ::-

**સામાવાળા - જન્મ મરણ નોંધણી અધીકારી અલીઉદેપુર ગ્રામપંચાયત કચેરી**

આથી લાગતા વળગતા સર્વે ને જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત અરજદાર ના પીતાજી અલીઉદેપુર ગામના રહેવાસી છે. અરજદાર ના પીતાજી સરધારા નનકુભાઈ બેચરભાઈ ની મરણનોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. અરજદાર ના પીતાજી સરધારા નનકુભાઈ બેચરભાઈ નુ મરણ જે તે સમયે અલીઉદેપુર મુકામે મરણ તારીખ- ૧૪/૦૪/૧૯૮૯ ના રોજ થયેલ છે જે અંગેની મરણ નોંધણી કરાવવા માટે આ અરજી કરેલ છે. આ અરજી સામે કોઈ ને વાંધો/તકરાર કે હરકત હોય તેમણે મુદત તારીખ. ૧૦/૦૨/૨૦૨૫ના રોજ અત્રેની કોર્ટ લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કચેરી ખાતે સવાર / બપોરના ૩:૩૦ કલાકે ઉપસ્થિ રહેવું તેમ કરવા મા કસુર થયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

**શીરીસ્તેદાર ઓફ લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કચેરી**

**સ્થળઃ- લાઠી**
**તારીખઃ- ૨૦/૧/૨૦૨૫**

## -:: જાહેર નોટીસ ::-

**ફો.પ.અ.નં.૯૬/૨૦૨૪**

**મહે. શ્રી લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ. લાઠી**

**અરજદાર તર્ફે વિ.વ.શ્રી જી.સી. કોટડીયા રહે લાઠી**

અરજદાર ::- જોગાણી ગંગાબેન ભગવાનભાઈ ઉ.વ.૭૫ ધંધો નીવૃતી કામ ધર્મે હિન્દુ પટેલ. રહે. વિરપુર. તા.લાઠી. જી.અમરેલી

**-::વિરૂધ્ધ ::-**

**સામાવાળા :- જન્મ -મરણ નોંધણી ત.ક.મ. અધીકારી વિરપુર ગ્રામપચાયત**

આથી લાગતા વળગતા સર્વે ને જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત અરજદાર ના પુત્રી વિરપુર ગામના રહેવાસી છે. અરજદાર ના પુત્રી **જોગાણી ગોદાવરીબેન ભગવાનભાઈ** ની જન્મનોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. અરજદાર ના પુત્રી **જોગાણી ગોદાવરીબેન ભગવાનભાઈ** નો જન્મ જે તે સમયે વિરપુર મુકામે જન્મ તારીખ-૦૧/૦૬/૧૯૭૨ ના રોજ થયેલ છે. જે અંગેની જન્મ નોંધણી કરાવવા માટે આ અરજી કરેલ છે. આ અરજી સામે કોઈ ને વાંધો/તકરાર કે હરકત હોય તેમણે મુદત તારીખ.૧૦/૦૨/૨૦૨૫ ના રોજ અત્રેની કોર્ટમાં લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કચેરી ખાતે સવાર/બપોરના ૩:૩૦ કલાકે ઉપસ્થિ રહેવું તેમ કરવા મા કસુર થયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

**સ્થળ ::- લાઠી**
**તારીખ ::- ૨૦/૧/૨૦૨૫**

શીરીસ્તેદાર ઓફ લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબ કચેરી

## તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.લાઠી

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૦૨/૨૫ તા.૦૯/૦૧/૨૦૨૫

**વિવાદી** :- શ્રી ધીરૂભાઈ શંભુભાઈ વઘાસીયા
રહે.ચાવંડ તા.લાઠી જિ. અમરેલી મો.૭૯૯૦૬૭૪૦૬૩
C/O એડવોકેટ એન.ડી. વઢેળ મું. લાઠી ઠે. ધર્મશાળા શોપીંગ સેન્ટર પાસે, પંચાયતની બાજુમાં મુ.તા.લાઠી, જિ.અમરેલી મો.૮૩૪૭૦૭૭૧૯૧

**-//વિરૂધ્ધ//-**

**પ્રતિવિવાદી** :- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી
મુ. ચાવંડ, તા.લાઠી, જિ.અમરેલી

**//જાહેર નોટીસ//**
(મરણનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.ચાવંડ ગામના રહીશ આ કામના અરજદારશ્રીના માતા **સમજુબેન શંભુભાઈ વઘાસીયાનું મરણ તા.૧૩/૦૬/૨૦૨૧ ના રોજ ચાવંડ** તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૨/૦૧/૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરક્ત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત **અત્રેની કોર્ટમાં મુદત તા.૨૦/૦૨/૨૦૨૫ ના રોજ બપોરના ૩:૩૦ કલાકે** વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી,**
**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

**તંત્રી લેખ**

# ઇઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ

લાંબા સમયથી ચાલી રહેલા ગાઝા યુદ્ધનો હવે અંત આવી ચુક્યો છે. ત્યારે પ્રશ્ન જાગે છે કે આની ભારત પર કેવી અસર પડશે. અમેરિકા અને મધ્યસ્થી કતારે કહ્યું છે કે ઈઝરાયલ અને હમાસ -ગાઝામાં ચાલી રહેલા યુદ્ધનો અંત લાવવા માટે સંમત થયા છે. કરારની શરતો અનુસાર, હમાસ ઈઝરાયલી બંધકોને મુક્ત કરશે. બદલામાં, ઈઝરાયલ પેલેસ્ટિનિયન કેદીઓને પણ મુક્ત કરશે. છેલ્લા દોઢ વર્ષથી ચાલી રહેલા ઈઝરાયલ-હમાસ યુદ્ધને ધ્યાનમાં લેતા, આ એક મહત્વપૂર્ણ સફળતા માનવામાં આવી રહી છે.

૭ ઓક્ટોબર ૨૦૨૩ ના રોજ, હમાસના ઉગ્રવાદીઓએ દક્ષિણ ઈઝરાયલ પર હુમલો કર્યો. આ પછી ઈઝરાયલે ગાઝામાં હુમલા શરૂ કર્યા. હમાસ સંચાલિત આરોગ્ય મંત્રાલય અનુસાર, ઈઝરાયલી હુમલાઓમાં અત્યાર સુધીમાં ૪૬,૭૦૦ લોકો માર્યા ગયા છે. આમાંના મોટાભાગના નાગરિકો છે. વિશ્લેષકોના મતે, ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધથી માત્ર મધ્ય પૂર્વમાં અસ્થિરતા જ નહીં પરંતુ સમગ્ર વિશ્વ પર પણ અસર પડી છે. એક વર્ષ પહેલા સુધી આ આંકડો ૬૦ ટકા હતો. એપ્રિલ ૨૦૨૪ માં જ્યારે ઈઝરાયલે ઈરાન પર હુમલો કર્યો, ત્યારે ક્રૂડ ઓઈલની કિંમત અચાનક વધી ગઈ અને તે પ્રતિ બેરલ $૯૦ સુધી પહોંચી ગઈ.

તેવી જ રીતે, જ્યારે અમેરિકાના બિડેન વહીવટીતંત્રે ૧૩ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ રશિયા પર નવા પ્રતિબંધો લાદ્યા, ત્યારે તેલના ભાવ ફરી એકવાર વધી ગયા. જો મધ્ય પૂર્વમાં અશાંતિ વધશે, તો ભારતનું આયાત બિલ વધતું રહેશે. મોંઘા તેલ ભારતમાં ઉત્પાદન ખર્ચમાં વધારો કરશે. સ્વાભાવિક છે કે આ ફુગાવાને નિયંત્રિત કરવાના ભારતના પ્રયાસો માટે ફટકો હશે. ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ ચોક્કસપણે મધ્ય પૂર્વમાં સ્થિરતા લાવશે અને તેલ આયાતના મોરચે ભારતને રાહત આપશે.

યુદ્ધવિરામ કરાર પછી, ઈઝરાયલ ભારત સાથે અટકેલા સંરક્ષણ સોદાઓ પર ધ્યાન કેન્દ્રિત કરી શકશે. સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના ડેટા અનુસાર, ૨૦૧૨ થી ૨૦૨૨ સુધીમાં, ઈઝરાયલે ભારતને $૨.૯ બિલિયનના શસ્ત્રોની નિકાસ કરી છે. આ સમયગાળા દરમિયાન, ભારત ઈઝરાયલી શસ્ત્રોનો સૌથી મોટો ખરીદનાર રહ્યો. ૨૦૧૭ માં, ભારતે ઈઝરાયલ પાસેથી ઈં૬૦૦ મિલિયનથી વધુ મૂલ્યના શસ્ત્રો ખરીદ્યા. ૨૦૨૨ માં, ભારતે ઈઝરાયલ પાસેથી $૨૪૦ મિલિયનથી વધુ મૂલ્યના શસ્ત્રો ખરીદ્યા. આ ઈઝરાયલની સંરક્ષણ નિકાસના ૩૦ ટકા જેટલું હતું.

યુદ્ધવિરામ પછી, વધુને વધુ ભારતીય કામદારો ઈઝરાયલ જઈ શકશે. જામિયા મિલિયા ઈસ્લામિયા યુનિવર્સિટીના નેલ્સન મંડેલા સેન્ટર ફોર પીસ એન્ડ કોન્ફ્લિક્ટ રિઝોલ્યુશનના ફેકલ્ટી મેમ્બર ડૉ. પ્રેમાનંદ મિશ્રા કહે છે, "ગાઝામાં માનવતાવાદી સહાય વધારવાનું કામ પણ હવે ઝડપી બનશે. ભારત આમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે અને શાંતિ સ્થાપિત કરવાના પ્રયાસોમાં સક્રિયપણે ભાગ લેશે. આ ભારતની સોફ્ટ પાવરનું ઉદાહરણ હશે. ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ ભારત માટે ફાયદાકારક બની શકે છે. જોકે, આ યુદ્ધવિરામનો અમલ કેવી રીતે થાય છે તેના પર નિર્ભર રહેશે.

# ક્રિપ્ટોકરન્સી ક્ષેત્રમાં ધમાલ મચી

**ક્રિપ્ટોકરન્સી વિશ્વમાં આજની તારીખે ડોનલ્ડ ટ્રમ્પના સિક્કા પડી રહ્યા હોવાની સ્થિતિ સર્જાઈ છે. ટ્રમ્પનું સમર્થન ધરાવતી ક્રિપ્ટો કંપની–વર્લ્ડ લિબર્ટી ફાઇનેન્શિયલે બુધવારે પાંચ મિલ્યન ડોલર મૂલ્યના ઇથેરિયમની ખરીદી કરી હતી. આની સાથે કંપનીનો ઇથેરિયમનો સંગ્રહ પચાસ મિલ્યન ડોલર મૂલ્યનો થઈ ગયો છે. એમાંથી મોટા ભાગની ખરીદી ટ્રમ્પ ફરીથી અમેરિકન પ્રમુખપદે ચૂંટાઈ આવ્યા બાદ થઈ છે.**

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

ડોનાલ્ડ ટ્રમ્પના નવા સિક્કાએ ક્રિપ્ટો માર્કેટમાં ગતિવિધિઓને વેગ આપ્યો છે, થોડા કલાકોમાં જ તેમાં ૨૨૦%નો વધારો થયો છે. સિક્કાનું ટ્રેડિંગ વોલ્યુમ $૧ બિલિયનની નજીક પહોંચી ગયું છે, જેની કિંમત $૦.૧૮ ની શરૂઆતની કિંમતની સરખામણીમાં $૭.૧ પર સ્થિર થઈ ગઈ છે. ૨૦ જાન્યુઆરીએ રાષ્ટ્રપતિ તરીકે શપથ લેતા પહેલા, ટ્રમ્પે $TRUMP મીમ સિક્કાની જાહેરાત કરી, જેનાથી ક્રિપ્ટોકરન્સી ક્ષેત્રમાં ધમાલ મચી ગઈ. $TRUMP મીમ સિક્કાનું બજાર મૂડીકરણ થોડા કલાકોમાં ૨૨૦% વધીને $૪.૨૫ બિલિયન સુધી પહોંચી ગયું. X પર એક પોસ્ટમાં, ટ્રમ્પે આ સિક્કાને તેમના "સત્તાવાર ટ્રમ્પ મીમ" તરીકે રજૂ કર્યો. આ સિક્કો તેમના જાણીતા વાક્ય, "લડાઈ, લડાઈ, લડાઈ" થી પ્રેરિત છે, જે તેમણે ચૂંટણી રેલી દરમિયાન હત્યાના પ્રયાસ પછી બનાવ્યું હતું. તેમણે ક્રિપ્ટો સિક્કા ખરીદવા માટે એક લિંક પણ શામેલ કરી, જેમાં જણાવ્યું હતું કે, "આપણે જે માટે ઉભા છીએ તેની ઉજવણી કરવાનો સમય આવી ગયો છે: જીત! મારા ખૂબ જ ખાસ ટ્રમ્પ સમુદાયમાં જોડાઓ. હમણાં જ તમારો $TRUMP મેળવો." સોલાના નેટવર્ક પર લોન્ચ કરાયેલા આ ટોકને સોશિયલ મીડિયા પર ડોનાલ્ડ ટ્રમ્પના સમર્થકોનું નોંધપાત્ર ધ્યાન ખેંચ્યું છે. ધ ઈકોનોમિક ટાઈમ્સના અહેવાલ મુજબ, ટ્રેડિંગ વોલ્યુમ લગભગ $૧ બિલિયન હતું, સિક્કાની કિંમત $૦.૧૮ ની પ્રારંભિક કિંમતથી $૭.૧ પર સ્થિર થઈ રહી છે.

નવા ચૂંટાયેલા યુએસ પ્રમુખ તરીકે, ડોનાલ્ડ ટ્રમ્પ વ્હાઈટ હાઉસમાં તેમના આગામી બીજા કાર્યકાળ દરમિયાન ઘણી ક્રિપ્ટોકરન્સી નીતિઓ લાગુ કરી શકે છે. ફરીથી ચૂંટણી માટેના તેમના પ્રચાર દરમિયાન, તેમણે "ક્રિપ્ટો પ્રમુખ" બનવાનું વચન આપ્યું હતું અને, રોઈટર્સના સૂત્રો અનુસાર, તેઓ પદ સંભાળ્યા પછી ક્રિપ્ટો સલાહકાર પરિષદની સ્થાપના માટે એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કરવાની યોજના ધરાવે છે. ક્રિપ્ટોકરન્સી વિશ્વમાં આજની તારીખે ડોનલ્ડ ટ્રમ્પના સિક્કા પડી રહ્યા હોવાની સ્થિતિ સર્જાઈ છે. ટ્રમ્પનું સમર્થન ધરાવતી ક્રિપ્ટો કંપની–વર્લ્ડ લિબર્ટી ફાઈનૅન્શિયલે બુધવારે પાંચ મિલ્યન ડૉલર મૂલ્યના ઈથેરિયમની ખરીદી કરી હતી. આની સાથે કંપનીનો ઈથેરિયમનો સંગ્રહ પચાસ મિલ્યન ડૉલર મૂલ્યનો થઈ ગયો છે. એમાંથી મોટા ભાગની ખરીદી ટ્રમ્પ ફરીથી અમેરિકન પ્રમુખપદે ચૂંટાઈ આવ્યા બાદ થઈ છે.નોંધનીય છે કે વર્લ્ડ લિબર્ટી ફાઈનૅન્શિયલે ઈથેરિયમની ખરીદી કરી એનો અર્થ એવો થયો કે કંપની હવે ડીસેન્ટ્રલાઈઝ્ડ ફાઈનૅન્સના ક્ષેત્રે વધુ સક્રિય બની છે. સાથે-સાથે એવું પણ કહી શકાય કે કંપની ઈથેરિયમને ડૉલરનું મૂલ્ય ઘટવાના જોખમ સામેના રક્ષણ તરીકે મહત્ત્વ આપી રહી છે.



ક્રિપ્ટો કરન્સી શું છે તેના વિષે પણ સામાન્ય સમજ મેળવવી જરૂરી છે. એક સમયે જગતભરમાં વસ્તુ વિનિમયથી વ્યવહાર ચાલતો પરંતુ માનવ સમાજની પ્રગતિ સાથે વિનિમય પ્રથામાં સુધારો થતો ગયો. ત્યાર બાદ કોડીથી માંડી અન્ય ચીજ વસ્તુની અદલા બદલીથી વ્યવહાર ચાલવા લાગ્યો, મધ્ય યુગમાં સિક્કાની શરૂઆત થઈ સિંધુખીણની સસ્કૃતિસમયે માટીના સિક્કા ચલણમાં આવ્યા. ત્યારબાદ ધાતુના સિક્કા થી શરૂઆત થઈ અને કાગળનો ઉપયોગ શરૂ થયો અને આ ક્રાંતિ હવે ક્રિપ્ટો સુધી પહોંચી છે.

ક્રિપ્ટોકરન્સી એ એક ડિજિટલ અથવા વર્ચ્યુઅલ કરન્સી છે જેને સુરક્ષિત કરવા માટે ક્રિપ્ટોગ્રાફીનો ઉપયોગ કરવામાં આવે છે. તે કોઈપણ કેન્દ્રીય સત્તા દ્વારા નિયંત્રિત નથી, જેમ કે સરકાર અથવા બેંક. તેના બદલે, તે એક વિકેન્દ્રિત સિસ્ટમ પર ચાલે છે, જેને બ્લોકચેન તરીકે ઓળખવામાં આવે છે. બ્લોકચેન એ એક વહેંચાયેલી ડેટાબેઝ છે જેમાં ટ્રાન્ઝેક્શનનો ઈતિહાસ સુરક્ષિત રીતે સંગ્રહિત થાય છે. દરેક ટ્રાન્ઝેક્શનને એક બ્લોકમાં રેકોર્ડ કરવામાં આવે છે, અને આ બ્લોક્સને એક ચેનમાં જોડવામાં આવે છે. બ્લોકચેન સુરક્ષિત છે કારણ કે તેને હેક કરવું ખૂબ જ મુશ્કેલ છે. ક્રિપ્ટોકરન્સીના ફાયદાઓ અનેક છે. તે વિકેન્દ્રિત છે. મતલબકે કોઈપણ એક એન્ટિટી દ્વારા નિયંત્રિત નથી. તે બ્લોકચેન ટેક્નોલોજી દ્વારા સુરક્ષિતછે. તેનામાં પારદર્શકતા છે. તેના તમામ ટ્રાન્ઝેક્શન જાહેર રીતે દેખાય છે. તે ઝડપી અને સસ્તી છે. પરંપરાગત બેંક ટ્રાન્ઝેક્શન કરતાં ઝડપી અને સસ્તી હોઈ શકે છે. ક્રિપ્ટોકરન્સીના ગેરફાયદાઓ પણ છે. તેનામાં અસ્થિરતા છે. કિંમતો ખૂબ જ અસ્થિર હોઈ શકે છે. તેનું નિયમન થઈ શકતું નથી. ઘણા દેશોમાં ક્રિપ્ટોકરન્સીનું નિયમન નથી. તે જટિલ છે. સમજવા અને વાપરવા સામાન્ય માનવી માટે માટે જટિલ હોઈ શકે છે. લોકપ્રિય ક્રિપ્ટોકરન્સીમાં પ્રથમ સ્થાને બિટકોઈન છે. તે પ્રથમ અને સૌથી લોકપ્રિય ક્રિપ્ટોકરન્સી છે. ઈથેરિયમ એટલે સ્માર્ટ કોન્ટ્રાક્ટ્સ માટે વપરાતી એક પ્લેટફોર્મ છે. જે ઓન લાઈન હોય છે. આજે મોટા પ્રમાણમાં આમાં રોકાણ કરવાનો ક્રેઝ વધતો જાય છે. ક્રિપ્ટોકરન્સીમાં રોકાણ કરવું કે નહીં તે વસ્તુ સમજવા જેવી છે. કારણકે આ એક જોખમી બાબત છે. આજે મોટા ભાગના લોકો જાણતા જ નથી કે આ કઈ બાબત છે.


આમાં રોકાણ માટે પ્રેરણા આપનારા પણ પૂરતું જ્ઞાન ધરાવતા નથી એવા સંજોગોમાં બીજા કહે એટલે મોટા રોકાણનું જોખમ લેવામાં માલ નથી. આ બાબતના સલાહકાર પણ પોતાના કમિશન માટે રોકાણ જરૂર કરાવે પણ પોતાના સ્વાર્થ ખાતર જોખમ વિષે કઈ કહેતા નથી. આથી સમજી વિચારીને રોકાણ કરવામાં સમજદારી છે. ક્રિપ્ટોકરન્સીમાં રોકાણ કરતા પહેલા, તેના વિશે સંપૂર્ણ માહિતી મેળવવી ખૂબ જ મહત્વપૂર્ણ છે. ક્રિપ્ટોકરન્સીમાં રોકાણ કરવું એ એક જોખમી પ્રવૃત્તિ છે અને તમે તમારું બધું નાણું ગુમાવી શકો છો.

**ક્રિપ્ટોકરન્સી એ એક ડિજિટલ અથવા વર્ચ્યુઅલ કરન્સી છે જેને સુરક્ષિત કરવા માટે ક્રિપ્ટોગ્રાફીનો ઉપયોગ કરવામાં આવે છે. તે કોઈપણ કેન્દ્રીય સત્તા દ્વારા નિયંત્રિત નથી, જેમ કે સરકાર અથવા બેંક. તેના બદલે, તે એક વિકેન્દ્રિત સિસ્ટમ પર ચાલે છે, જેને બ્લોકચેન તરીકે ઓળખવામાં આવે છે.**

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૨૫ | ૧૫૨૦ |
| ઘઉં લોકવન | ૫૯૮ | ૬૪૨ |
| ઘઉં ટુકડા | ૬૧૧ | ૬૬૩ |
| જુવાર સફેદ | ૭૯૦ | ૯૦૪ |
| તુવેર | ૧૨૪૦ | ૧૬૮૦ |
| ચણા પીળા | ૧૦૫૦ | ૧૨૪૮ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૨૩૧૭ |
| અડદ | ૧૨૦૦ | ૧૬૩૪ |
| મગ | ૧૧૫૫ | ૨૦૨૫ |
| વાલ દેશી | ૧૨૦૦ | ૧૪૭૮ |
| ચોળી | ૧૬૩૦ | ૨૭૦૦ |
| મઠ | ૮૦૦ | ૧૩૦૦ |
| કળથી | ૭૭૧ | ૭૭૧ |
| સીંગદાણા | ૧૨૧૯ | ૧૩૩૦ |
| મગફળી જાડી | ૯૪૦ | ૧૧૭૦ |
| મગફળી જીણી | ૯૭૦ | ૧૨૬૦ |
| અળશી | ૧૦૮૦ | ૧૦૮૦ |
| તલી | ૧૭૦૦ | ૨૨૫૦ |
| સુરજમુખી | ૯૪૬ | ૯૪૬ |
| એરંડા | ૧૨૦૦ | ૧૨૪૧ |
| સુવા | ૧૧૨૫ | ૧૨૬૫ |
| સોયાબીન | ૭૮૦ | ૮૩૦ |
| સીંગફાડા | ૧૦૪૦ | ૧૨૯૦ |
| કાળા તલ | ૩૮૫૦ | ૪૧૦૦ |
| લસણ | ૧૬૦૧ | ૩૬૦૬ |
| ધાણા | ૧૧૭૦ | ૧૫૧૧ |
| મરચા સુકા | ૧૧૦૦ | ૨૩૫૦ |
| ધાણી | ૧૨૦૦ | ૧૫૫૦ |
| વરીયાળી | ૧૧૪૫ | ૧૪૨૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૨૯૬ |
| રાય | ૧૧૪૦ | ૧૨૭૦ |
| મેથી | ૯૮૦ | ૧૦૮૦ |
| રાયડો | ૧૦૮૦ | ૧૧૨૯ |
| રજકાનું બી | ૨૭૦૦ | ૩૪૭૫ |
| ગુવારનું બી | ૯૮૦ | ૧૦૨૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૩૦૦ | ૧૦૦૦ |
| બટેટા | ૨૦૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૧૩૫ | ૪૭૫ |
| ટમેટા | ૬૦ | ૧૬૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| કોથમરી | ૧૦૦ | ૨૦૦ |
| મુળા | ૩૦૦ | ૪૫૦ |
| રીંગણા | ૮૦ | ૨૦૦ |
| કોબીજ | ૨૦ | ૬૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૧૬૦ |
| ભીંડો | ૬૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ચોળાસીંગ | ૭૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૧૦૦ | ૨૬૦ |
| ટીંડોળા | ૬૫૦ | ૯૮૦ |
| દુધી | ૧૦૦ | ૨૫૦ |
| કારેલા | ૫૦૦ | ૭૦૦ |
| સરગવો | ૪૦૦ | ૧૨૫૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૨૦૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૩૫૦ |
| કાકડી | ૭૦૦ | ૧૦૫૦ |
| ગાજર | ૨૦૦ | ૩૩૦ |
| વટાણા | ૪૦૦ | ૬૦૦ |
| તુવેરસીંગ | ૨૫૦ | ૪૫૦ |
| ગલકા | ૪૦૦ | ૬૫૦ |
| બીટ | ૧૫૦ | ૩૩૦ |
| મેથી | ૯૦ | ૨૦૦ |
| વાલ | ૪૦૦ | ૭૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૦૦ |
| આદુ | ૬૦૦ | ૮૦૦ |
| ચણા લીલા | ૧૦૦ | ૪૦૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૮૦૦ |
| હળદર લીલી | ૭૦૦ | ૧૧૦૦ |
| લસણ લીલું | ૮૦૦ | ૧૨૦૦ |
| મકાઇ લીલી | ૨૦૦ | ૩૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૪૦ | ૧૧૪૮ |
| ગિરનારી શીંગ | ૧૦૮૫ | ૧૨૧૪ |
| શિંગ મોટી | ૮૦૦ | ૧૧૪૩ |
| શિંગ ફાડા | ૧૦૨૦ | ૧૩૦૬ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૨૭૧ |
| તલ કાશ્મીરી | ૨૫૦૦ | ૨૭૧૫ |
| બાજરો | ૩૭૦ | ૬૭૬ |
| ઘઉં ટુકડા | ૫૭૨ | ૬૭૫ |
| ઘઉં લોકવન | ૫૮૦ | ૬૫૬ |
| અડદ | ૯૮૦ | ૧૩૮૫ |
| ચણા | ૮૫૧ | ૧૨૦૦ |
| તુવેર | ૧૧૦૫ | ૧૬૪૩ |
| કપાસ | ૯૧૫ | ૧૫૨૦ |
| એરંડા | ૯૦૦ | ૧૨૧૩ |
| જીરૂ | ૩૫૫૦ | ૪૪૨૦ |
| ધાણા | ૭૫૦ | ૧૪૧૫ |
| સોયાબીન | ૬૯૫ | ૮૨૭ |
| મરચા લાંબા | ૪૭૦ | ૩૦૨૦ |
| અજમા | ૧૦૫૦ | ૧૮૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૨૦ | ૫૦૦ |
| રીંગણાં | ૩૪૦ | ૫૪૦ |
| ફુલાવર | ૧૦૦ | ૨૦૦ |
| કોબીજ | ૭૦ | ૨૦૦ |
| શકકરીયા | ૫૦૦ | ૬૦૦ |
| ટામેટા | ૮૦ | ૧૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૪૦૦ | ૫૦૦ |
| દૂધી | ૧૦૦ | ૩૨૦ |
| કારેલા | ૭૦૦ | ૮૦૦ |
| ગલકા | ૪૨૦ | ૫૫૦ |
| મુળા | ૧૦૦ | ૧૫૦ |
| કાકડી | ૩૪૦ | ૬૫૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૪૦૦ |
| વાલોળ | ૩૪૦ | ૬૮૦ |
| વટાણા | ૫૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૬૪૦ | ૧૦૦૦ |
| આમળા | ૪૦૦ | ૮૨૦ |
| ભીંડો | ૫૦૦ | ૮૦૦ |
| તુવેર | ૪૦૦ | ૫૦૦ |
| હળદર લીલી | ૯૦૦ | ૧૧૦૦ |
| આદુ | ૭૦૦ | ૭૫૦ |
| કોથમીર | ૨૦૦ | ૪૦૦ |
| મેથીભાજી | ૨૦૦ | ૩૪૦ |
| ફુદીનો | ૫૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૫૦૦ |
| બીટ | ૨૦૦ | ૫૫૦ |
| સરગવો | ૮૨૦ | ૧૦૦૦ |
| લીમડો મીઠો | ૩૩૦ | ૩૫૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૮૦૦ |
| મરચા લાલ | ૪૦૦ | ૯૦૦ |
| ડુંગળી લીલી | ૨૧૦ | ૪૦૦ |
| ડુંગળી સૂકી | ૩૦૦ | ૪૦૦ |
| લસણ લીલુ | ૮૪૦ | ૧૬૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૨૦ |
| લીંબુ | ૮૦૦ | ૧૦૪૦ |
| વાલ | ૬૦૦ | ૮૪૦ |
| પાલક | ૨૨૦ | ૩૨૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૨૫૧ | ૧૪૯૬ |
| ઘઉં લોકવન | ૫૬૦ | ૬૪૪ |
| ઘઉં ટુકડા | ૫૮૦ | ૭૦૦ |
| સિંગ ફાડીયા | ૮૭૧ | ૧૨૮૧ |
| એરંડા / એરંડી | ૧૧૩૧ | ૧૨૮૬ |
| જીરૂ | ૩૫૫૧ | ૪૪૫૧ |
| વરીયાળી | ૯૩૧ | ૧૪૧૧ |
| ધાણા | ૮૦૦ | ૧૬૨૧ |
| અડદ | ૧૧૧૧ | ૧૫૮૧ |
| મઠ | ૧૧૫૧ | ૧૧૬૧ |
| તુવેર | ૧૧૦૦ | ૧૬૮૧ |
| રાયડો | ૧૦૦૧ | ૧૦૦૧ |
| મેથી | ૫૧૧ | ૧૨૭૧ |
| કાંગ | ૬૭૧ | ૧૧૫૧ |
| સફેદ ચણા | ૧૧૦૦ | ૨૩૨૬ |
| તલ - તલી | ૧૭૦૦ | ૨૪૫૧ |
| ધાણી | ૧૧૦૦ | ૨૦૫૧ |
| ડુંગળી સફેદ | ૨૧૧ | ૩૫૧ |
| બાજરો | ૫૨૧ | ૫૨૧ |
| જુવાર | ૭૦૧ | ૮૭૧ |
| મગ | ૧૨૦૧ | ૧૮૧૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૪૬ |
| વાલ | ૭૪૧ | ૧૨૬૧ |
| ચોળા / ચોળી | ૮૫૧ | ૨૫૧૧ |
| સોયાબીન | ૭૩૧ | ૮૨૧ |
| કળથી | ૮૦૧ | ૮૦૧ |
| ગોગળી | ૫૦૦ | ૯૫૬ |
| વટાણા | ૪૨૧ | ૬૧૧ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૨૦ | ૧૫૨૫ |
| કપાસ મીડીયમ | ૧૨૪૦ | ૧૪૦૦ |
| મગફળીજીર૦ | ૧૦૪૯ | ૧૧૫૧ |
| મગફળી બીટી | ૯૪૯ | ૧૦૭૧ |
| ઘઉં | ૫૨૦ | ૬૦૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૫૦ |
| તુવેર | ૧૨૪૦ | ૧૫૮૦ |
| અડદ | ૧૧૩૦ | ૧૪૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૭૮ |
| ઘઉં લોકવન | ૫૫૭ | ૬૧૫ |
| ઘઉં ટુકડા | ૫૫૬ | ૬૨૦ |
| ચણા છોલે | ૨૧૦૦ | ૨૧૦૦ |
| સોયાબીન | ૫૦૦ | ૭૮૦ |
| મગફળી | ૭૮૦ | ૮૮૦ |
| ચણા સફેદ | ૧૧૫૦ | ૧૧૮૫ |
| અડદ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| શીંગદાણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૧૩૦ | ૧૪૫૧ |
| મગફળી | ૭૯૫ | ૯૬૦ |
| ઘઉં | ૫૨૫ | ૫૯૧ |
| ચણા | ૧૦૦૫ | ૧૦૦૫ |
| ધાણા | ૮૧૦ | ૧૧૨૦ |
| શીંગ દાણા | ૯૩૦ | ૧૦૧૦ |
| સોયાબીન | ૬૧૦ | ૮૦૫ |
| જીરૂ | ૨૮૦૧ | ૨૮૦૧ |
| તુવેર | ૧૧૦૧ | ૧૧૦૧ |
| બાજરો | ૩૧૫ | ૩૧૫ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૬૦ | ૧૪૯૨ |
| મગફળી | ૧૦૪૧ | ૧૦૬૦ |
| સોયાબીન | ૭૧૨ | ૭૫૦ |
| **જામનગર** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૪૫ |
| જુવાર | ૬૦૦ | ૭૪૦ |
| બાજરો | ૫૦૦ | ૫૭૦ |
| ઘઉં | ૫૭૦ | ૬૭૫ |
| અડદ | ૮૦૦ | ૧૫૨૫ |
| મઠ | ૮૦૦ | ૧૦૫૦ |
| ચોળી | ૧૦૦૦ | ૧૫૯૦ |
| વાલ | ૮૦૦ | ૧૩૫૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૫૩ |
| મગફળીજીણી | ૯૦૦ | ૧૨૨૫ |
| મગફળીજાડી | ૮૫૦ | ૧૧૨૦ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૨૮ |
| લસણ | ૧૫૦૦ | ૩૭૦૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૩૪૫ |
| અજમો | ૨૧૭૫ | ૫૧૯૦ |
| ધાણા | ૧૨૦૦ | ૧૨૫૦ |
| ડુંગળીસુકી | ૧૨૦ | ૫૪૦ |
| મરચા સુકા | ૫૫૦ | ૩૨૦૦ |
| સોયાબીન | ૬૦૦ | ૮૧૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૧૬ |
| ઘઉં | ૫૦૦ | ૬૩૦ |
| ચણા | ૯૦૦ | ૧૧૫૦ |
| અડદ | ૫૦૦ | ૧૫૫૦ |
| મગફળી | ૬૦૦ | ૧૧૦૧ |
| શીંગફાડા | ૯૦૦ | ૧૦૫૦ |
| જીરૂ | ૩૮૦૦ | ૪૧૦૧ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ગુવાર બી | ૬૫૦ | ૭૮૬ |
| **રાજુલા** | | |
| શીંગ | ૭૫૧ | ૧૦૮૧ |
| તલ સફેદ | ૨૨૮૧ | ૨૩૧૭ |
| તલ પીળા | ૨૩૦૦ | ૨૬૬૦ |
| કપાસ | ૧૨૫૦ | ૧૫૨૫ |
| બાજરો | ૫૦૨ | ૬૦૨ |
| ઘઉં ટુકડા | ૫૬૦ | ૭૧૫ |
| જુવાર | ૫૧૦ | ૮૧૯ |
| મગ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| તુવેર | ૧૧૦૧ | ૧૨૭૫ |
| ચણા | ૧૦૧૦ | ૧૧૭૬ |
| સોયાબીન | ૭૬૧ | ૭૯૧ |
| રાય | ૧૦૧૫ | ૧૦૧૫ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૭૦ | ૧૧૧૫ |
| શીંગ મોટી | ૧૦૪૦ | ૧૧૩૫ |
| તલ સફેદ | ૧૭૯૦ | ૨૧૬૪ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૨૦૦ |
| ઘઉ લોકવન | ૬૦૦ | ૬૭૨ |
| ઘઉં ટુકડા | ૬૨૧ | ૬૮૬ |
| બાજરો | ૬૨૦ | ૭૨૪ |
| જુવાર | ૮૦૦ | ૮૧૨ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૨૧ |
| એરંડી | ૧૧૯૮ | --- |
| સોયાબીન | ૭૫૦ | ૮૦૦ |
| મેથી | ૧૦૧૮ | ----- |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૩૦૯ | ૧૪૬૩ |
| કપાસ સી ગ્રેડ | ૫૦૦ | ૫૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જીર૦ | ૯૮૦ | ૧૧૩૮ |
| મગફળી ૩૨નં | ૯૫૦ | ૧૦૮૧ |
| બાજરી હાઇ. | ૫૦૦ | ૬૩૨ |
| ઘઉં | ૫૨૧ | ૬૮૨ |
| તુવેર | ૧૧૬૦ | ૧૬૩૦ |
| જુવાર | ૬૭૦ | ૮૪૭ |
| અડદ | ૧૦૫૦ | ૧૪૨૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૩૮ |
| જા.તલ | ૨૨૫૦ | ૨૬૯૦ |
| સફેદ તલ | ૨૦૦૦ | ૨૧૪૫ |
| સોયાબીન | ૭૮૫ | ૮૪૮ |
| કપાસ | ૧૩૦૦ | ૧૪૮૦ |

## શબ્દ સંજોગ-૧૯૩૬



**આડી ચાવી :**
(૧) .....બીજા પર આધાર રાખનાર (૫)
(૪) એક વૃક્ષ (૨)
(૬) અવાજ (૨)
(૭) ભાળ (૩)
(૮) રમતા રમતા લડી પડે ભૈ...છે (૩)
(૯) આંજણ (૩)
(૧૧) એક વાદ્ય (૩)
(૧૨) કસમ (૨)
(૧૩) ચણવું તે (૪)
(૧૫) કામકાજમાં હોશિયાર અને ઝડપી (૩)
(૧૬) ગુરુદ્રોણને અંગૂઠો કાપી આપનાર (૪)
(૧૭) વિષ્ણુનો એક અવતાર (૩)
(૧૮) અણખીલ્યું ફુલ (૨)
(૧૯) શ્રવણે શામાં બેસાડીને મા-બાપને જાત્રા કરાવી હતી (૩)
(૨૧) લિલામ (૩)
(૨૩) એક રાજય (૪)
(૨૪) સોનામહોર (૪)

**ઉભી ચાવી :**
(૧) ઈશ્વર (૪)
(૨) મંદોદરીના પતિ(૩)
(૩) બપોરનું અંગ્રેજી ભોજન (૨)
(૪) ....કે રખવાલે (૩)
(૫) સ્ટંટ સીન કલાકારને બદલે તેમના...કરતા હોય છે (૨)
(૭) શિયાળામાં.... તેટલો ખાવાની મજા આવે (૩)
(૯) એક સૂકો મેવો (૩)
(૧૦) શ્રી કૃષ્ણનું એક નામ (૩)
(૧૧) અભિપ્રાય (૩)
(૧૨) એક સંગીતકાર... જગમોહન (૩)
(૧૩) એક પક્ષી (૩)
(૧૪) લણ-થયુ અવળુ (૨)
(૧૫) હૂક્કો (૫)
(૧૬) અચાનક(૪)
(૧૭) પગથિયાવાળો કૂવો (૨)
(૧૯) મિયાં બીબી રાજી તો કયા કરેગા... (૨)
(૨૦) એક મીઠાઈ (૩)
(૨૧) હિંદીમાં લીલો રંગ (૨)
(૨૨) દેશ (૨)

## શબ્દ સંજોગ-૧૯૩૫ જવાબ

**આડી ચાવી:** (૧) વ્યાપ (૨) મજીયારુ (૬) બનાવ (૭) વાડકી (૯) પાપ (૧૦) ટીમ (૧૨) પનાહ (૧૩) ડફ (૧૫) રજબ (૧૭) મમરા (૧૮) જકાત (૧૯) કરાર (૨૧) રંગરાગ (૨૪) દક્ષ (૨૫) ગરજવાન (૨૭) મસલત (૨૮) રત.

**ઉભી ચાવી:** (૧) વ્યાસ (૨) મન (૩) જીવનના અંતરંગ (૪) રુંવાટી (૫) કાકી (૬) બળ (૮) ડમડમ (૧૧) ભાર (૧૪) ફરાળ (૧૬) બજર (૧૭) મહારાજ (૧૯) કરમ (૨૦) રાક્ષસ (૨૨) ગરજ (૨૩) ગવાર (૨૬) નત.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed a t Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# મોરબી માળીયાના મોટા દહીંસર ગામે બે શ્રમિકોના ગૂંગળામણથી મોત

મોરબી,તા.૨૦




મોરબીના માળીયા મિયાણા તાલુકાના મોટા દહીંસરમાં એક વિચિત્ર ઘટના સામે આવી છે. જેમાં બે શ્રમિકોના ગૂંગળામણના લીધે મોત નિપજ્યા છે. આ બંને શ્રમિકો મૂળ ઝારખંડના રહેવાસી છે. રાત્રે જમીને સૂતા બાદ તે સવારે ઉઠ્યા જ નહતા. જેથી તેમને બેભાન અવસ્થામાં હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ડોક્ટરોની ટીમે તેમને મૃત જાહેર કર્યા હતા. શંકાસ્પદ મોતના પગલે આ બંને શ્રમિકોના ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવવામાં આવ્યું હતું. જેમાં તેમનું ગૂંગળામણના લીધે મોત નિપજ્યું હોવાનો ખુલાસો થયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર માળીયા મિયાણાના મોટા દહીંસરામાં બે શ્રમિકોના શંકાસ્પદ મોત નિપજ્યા હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે. મોટા દહીંસરમાં ભાડાની ઓરડીમાં રહેલા કુલદીપ મહતો (ઉં.વ. ૨૧) અને ગોપાલ મહતો (ઉં.વ. ૨૦) બંને ગત ૧૭ જાન્યુઆરીના રોજ જમ્યા સૂઈ ગયા હતા. સવારે કામ પર જવાનું હોવાથી તેમની સાથે કામતો યુવક ગણેશ તેમની ઓરડી પર પહોંચ્યો હતો. ગણેશે આ બંને યુવકોને જગાડવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ બંને બેભાન હોવાનું માલૂમ પડતાં તે બંને યુવકોને હોસ્પિટલ લઈ ગયો હતો. જ્યાં હાજર તબીબોની ટીમે તેમને મૃત જાહેર કર્યા હતા.

# રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી ત્રણથી ચાર દિવસમાં જાહેર થવાની સંભાવના

ગાંધીનગર,તા.૨૦

સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈને મોટા સમાચાર આવ્યા છે. મળતી માહિતી મુજબ ત્રણથી ચાર દિવસમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર થઈ શકે છે. હાલ રાજ્ય ચૂંટણી પંચ તૈયારીઓને આખરી ઓપ આપી રહ્યુ છે. ૨૩ જાન્યુઆરી સુધીમાં મતદાન મથકોને આખરી ઓપ અપાશે. જ્યારે ૨૭ જાન્યુઆરી સુધીમાં સંવેદનશીલ, અતિ સંવેદનશીલ મતદાન મથકોની યાદી તૈયાર કરવામાં આવશે. મળતી માહિતી મુજબ ફેબ્રુઆરી મહિનાના બીજા અઠવાડિયામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનું મતદાન થાય તેવી શક્યતા છે. બજેટ સત્ર શરૂ થાય તે પહેલા ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થવાની શક્યતા જોવામાં આવી રહી છે. એટલું જ નહીં, સૂત્રોએ એવું પણ જણાવ્યું છે કે ખેડા જિલ્લા પંચાયતની ચૂંટણી




પણ સાથે જ યોજાશે. જૂનાગઢ મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી પણ યોજાશે. આમ ૭૩ નગરપાલિકાઓની સામાન્ય અને પેટા ચૂંટણીઓ પણ જાહેર થશે. રાજ્યમાં ૭૩ નગરપાલિકાની ખાલી બેઠકો, તેમજ ખેડા જિલ્લા પંચાયતની અને જૂનાગઢ મહાનગરપાલિકાની ચૂંટણી થઈ શકે છે. જૂનાગઢ તથા અન્ય મહાનગરોની ખાલી પડેલી બેઠકો માટે ફોટો મતદાર યાદી જાહેર થશે. તેમજ પ્રાથમિક મતદાર યાદી સામે રજૂ થતા દાવા બાદ સુધારા કરી આખરી મતદાર યાદી પ્રસિદ્ધ થશે.

# સાવરકુંડલામાં નવી ટાંકીના પાણીનો નિકાલ દિવસે કરાતાં લોકોમાં કચવાટ

સાવરકુંડલા, તા.૨૦

સાવરકુંડલાના ઝીંઝુડા ગેઈટ વિસ્તારમાં નવા બનેલા પાણીના ટાંકામાંથી અવિરત ધોધમાર પાણી જાહેર રસ્તા પર વહેતું જોવા મળેલ હતુ. એક તરફ પાણી બચાવવાનું અભિયાન ચલાવવામાં આવતું હોય ત્યારે આમ જાહેર રસ્તા પર પાણીનો અવિરત પ્રવાહ વહેતો હોય અને પાણી આ રીતે વેડફાય જતું હોય એ કેમ પોસાય? તેવો પ્રશ્ન સ્થાનિક લોકો પૂછી રહ્યા છે. રસ્તા પર આવતાં-જતાં અનેક રાહગીરો આ પાણીના વહેતા



પ્રવાહમાંથી પસાર થતાં જોવા મળેલ હતા. આ સંદર્ભે વધુ તપાસ કરતાં નવા બનેલા ટાંકાનું ટેસ્ટિંગ થતું હોય તેમ જાણવા મળ્યું હતું. આ સંદર્ભ ટાંકી બનાવનાર કોન્ટ્રેક્ટરે ટેલીફોનીક વાતચીતમાં હાલ આ પાણી પુરવઠો બંધ કરીને રાત્રે પાણીનો નિકાલ કરવા સહમતી દર્શાવી હતી.

# મોણવેલની શાળાના ખેલાડીઓએ ખેલ મહાકુંભમાં સતત બીજા વર્ષે ઈતિહાસ સર્જ્યો

ધારી, તા.૨૦



ધારીમાં જી.એન. દામાણી શાળામાં યોજાયેલ તાલુકા કક્ષાના ખેલ મહાકુંભમાં મોણવેલ પ્રાથમિક શાળાના ખેલાડીઓએ લગભગ તમામ સ્પર્ધામાં ૧થી ૩ નંબર મેળવ્યો હતો. જેમાં અન્ડર ૧૪ કબડ્ડીમાં ભાઈઓ અને બહેનોએ પ્રથમ નંબર મેળવે છે. આ ઉપરાંત એથ્લેટિક્સમાં ૫૦, ૨૦૦, ૪૦૦, ૬૦૦ મીટર દોડમાં ઘણા ખેલાડીઓ ૧થી ૩ નંબર મેળવેલ છે. આવી સ્પર્ધાઓમાં શાળાના તમામ શિક્ષકો તથા આચાર્યના માર્ગદર્શન અને કોચ સાવલિયાની મહેનતથી શ્રેષ્ઠ પરિણામ મળ્યું છે. આ તકે ગામના સરપંચ જેનીલ ડાવરાએ શાળા તથા શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.

# બાબરા સહિત અન્ય શહેરોના વિકાસ માટે રૂા. ૬૦૫ કરોડ મંજૂર કરતા મુખ્યમંત્રી

ગાંધીનગર,તા.૨૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શહેરી જનસુખાકારી અને નાગરિકોનું ઈઝ ઓફ લિવિંગ વધે તે માટે રાજ્યની વિવિધ નગરપાલિકાઓ-મહાનગરપાલિકાઓમાં શહેરી વિકાસના કામો માટે એક જ દિવસમાં રૂ. ૬૦૫.૪૮ કરોડ મંજૂર કર્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૧૦માં શરૂ કરાવેલી સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત



મંજૂર કરાયેલી આ રકમમાંથી સ્ટોર્મ વોટર ડ્રેનેજ, તળાવ બ્યુટિફિકેશન, શહેરી સડક યોજના, પાણી પુરવઠા, આઉટ ગ્રોથ વિકાસ અને રેલવે ઓવરબ્રિજ સહિતના કામો હાથ ધરાશે. મુખ્યમંત્રીએ મંજૂર કરેલી આ રકમનો લાભ લીંબડી, માંડવી-કચ્છ, મુંદ્રા-બારાઈ, વિરમગામ, બારડોલી, બીલીમોરા, વલસાડ, સોનગઢ, સાણંદ, હળવદ, ગણદેવી, ધરમપુર, દાહોદ, ખંભાત, દ્વારકા, પાદરા, બાબરા, માણસા, ધ્રાંગધ્રા નગરપાલિકાઓ, વડોદરા અને ભાવનગર મહાનગરપાલિકા તેમજ ભાવનગર અને રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળને વિવિધ વિકાસ કામો માટે મળવાનો છે.

# સાવરકુંડલા ગુરુકુળના ખેલાડીઓએ ખેલ મહાકુંભ ૩.૦માં સંસ્થાનું ગૌરવ વધાર્યું

સા.કુંડલા, તા.૨૦

અમરેલી જિલ્લા કક્ષાની ટેકવેન્ડો સ્પર્ધાનું જિલ્લા રમતગમત કચેરી અને શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, સાવરકુંડલા દ્વારા આયોજન થયેલ. જેમાં અન્ડર ૧૪-૧૭ ભાઈઓ અને બહેનોએ જિલ્લામાંથી બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ગુરૂકુળ શાળાના વિદ્યાર્થિઓ



વિજેતા જાહેર કરવામાં આવેલ. સંસ્થાના વડા પૂજ્ય ભગવતપ્રસાદદાસજી સ્વામી, પ્રમુખ શાસ્ત્રી હરિપ્રસાદદાસજી સ્વામી, કોઠારી અક્ષરમુક્ત સ્વામી, શુકદેવપ્રસાદ સ્વામીજી, રમત ગમત અધિકારી પૂનમ બેન તેમજ અમરેલી જિલ્લા વ્યાયામ સંઘના પ્રમુખ પી.ડી મિયાણીએ ખેલાડીઓને અભિનંદન પાઠવીને આભાર વ્યક્ત કરેલ. સ્પર્ધામાં મુખ્ય મહેમાન પદે સાવરકુંડલા શહેર ભાજપ પ્રમુખ અનિરૂધ્ધસિંહ રાઠોડ, યુવા ભાજપ મંત્રી ભાવેશભાઈ વિકમા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ધોરાજી ખાતે કોંગ્રેસની શિબિરમાં ચૂંટણીલક્ષી માર્ગદર્શન અપાયું

ધોરાજી, તા.૨૦

ધોરાજી નગરપાલિકાના ટાઉનહોલ ખાતે આગામી ચૂંટણી સંદર્ભે કોંગ્રેસ કમિટી દ્વારા કાર્યકર્તાઓની શિબિર યોજાઈ હતી. આ શિબિર કાર્યક્રમમાં ગુજરાત સૌરાષ્ટ્રના કોંગ્રેસના પ્રભારી ભુપેન્દ્ર મારવી જી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા તેમની સાથે પૂર્વ ધારાસભ્ય અને રાજકોટ જિલ્લા કોંગ્રેસના



અધ્યક્ષ લલિતભાઈ વસોયા ઉપલેટા તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ લાખાભાઈ ડાંગર સહિત કોંગ્રેસના હોદ્દેદારો અને મુખ્ય કાર્યકર્તાઓની બેઠક યોજાઈ હતી. આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ આવી રહી હોય જે સંદર્ભે કોંગ્રેસના પ્રભારી ભુપેન્દ્ર મારવી જી દ્વારા કાર્યકર્તાઓને વિશેષ માર્ગદર્શન અપાયું હતું. આ ઉપરાંત જિલ્લા કોંગ્રેસ પ્રમુખ લલિત વસોયા એ કાર્યકર્તાઓને યોગ્ય માર્ગદર્શન સાથે રાજકોટ જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં કોંગ્રેસ વિજય કરશે અને જનતા જનાર્દન કોંગ્રેસની સાથે હોય તેઓ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

# ઉનાના ભીમપરા વિસ્તારમાં સેન્ટીંગના ગોડાઉનમાં આગથી બે મોટર સાયકલ બળીને ખાખ

ઉના, તા.૨૦

ઉનાના ભીમપરા વિસ્તારમાં પાલેશ્વર મંદિરના પાછળના ભાગે શાંતિભાઈ સેન્ટીંગ વાળાના ગોડાઉનમાં કોઈ કારણોસર આગ લાગી હતી. જેથી તેમાં રાખેલી બે મોટર સાયકલ પણ સાથે બળી ને ખાખ થઈ ગઈ હતી. આ સમગ્ર આગની ઘટના જોતા શાંતિભાઈએ નગરપાલિકાના ફાયરબ્રિગેડને જાણ કરી હતી.



ફાયરબ્રિગેડની ટીમે કલાકોની જાત મેહનત બાદ આગને કાબુમાં લીધી હતી.

આગ લગતા લોકોમાં નાસભાગ મચી હતી. આગ કાબુમાં આવ્યા બાદ સ્થાનિક લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

# GAS કેડરમાં ફરજ બજાવતા ૩૧ અધિકારીઓની સાગમટે બદલી, ત્રણને હંગામી બઢતી અપાઈ

ગાંધીનગર, તા.૨૦

રાજ્યમાં GAS કેડરના ૩૭ અધિકારીઓના બદલીનો આદેશ સામાન્ય વહીવટી વિભાગ તરફથી આપવામાં આવ્યો છે. આ અંગે વહીવટી વિભાગ દ્વારા નોટિફિકેશન જાહેર કરવામાં આવ્યું છે. જે મુજબ, વડોદરા GIDCના ડેપ્યુટી ડાયરેક્ટર એસ.એન મલેકને ગાંધીનગર ટેકનિકલ શિક્ષણ વિભાગના જોઈન્ટ કમિશનર બનાવવામાં આવ્યા છે. અમદાવાદના એડિશનલ કલેક્ટર એસ.કે પટેલને ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સિટીના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર તરીકે નિયુક્ત કરાયા છે. ખેડાના રેસિડેન્ટ એડિશનલ કલેક્ટર બી.કે જોશીને ગાંધીનગર GIDCમાં એક્ઝિક્યુટિવ ડાયરેક્ટરનો ચાર્જ સોંપાયો છે. વડોદરા મ્યુનિ. કોર્પોરેશનના ડેપ્યુટી મ્યુનિ. કમિશનર એચ. જે પ્રજાપતિને પાટણના રેસિડેન્ટ એડિશનલ કલેક્ટરનો ચાર્જ સોંપવામાં આવ્યો છે.

# રાજુલાના વૃદ્ધાશ્રમ ખાતે બ્લડ ડોનેશન સહિત વિવિધ કાર્યક્રમ યોજાયા

રાજુલા, તા.૨૦

રાજુલા શહેરમાં વૃદ્ધાશ્રમ ખાતે અમરેલી જિલ્લા ભાજપ સોશિયલ મીડિયા કન્વીનર સાગર સરવૈયા તથા તેમના પરિવાર દ્વારા બ્લડ ડોનેશન સહિત વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમને સાધુ-સંતો, આમંત્રિત મહેમાનોના હસ્તે દિપ પ્રાગટ્ય કરીને ખુલ્લો મુકવામાં આવેલો. સ્વ.દિનેશભાઈ લાલજીભાઈ સરવૈયાની નવમી પુણ્યતિથિ નિમિત્તે ૧૩મો બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં રાજુલાના ધારાસભ્ય હીરાલાલ સોલંકીના સહયોગથી ૭૦ વર્ષથી ઉપરના




વડીલો માટે આયુષ્યમાન વય વંદના કાર્ડ કેમ્પનું આયોજન કરાયું હતું. શ્રીજી હોસ્પિટલના સહયોગથી બીપી ડાયાબિટીસ ચેકઅપ તથા ફ્રી નિદાન કેમ્પનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં કુલ ૭૩ બોટલ રક્ત એકત્ર થયું હતું. અમદાવાદ બ્લડ બેન્ક દ્વારા સાગરભાઈ સરવૈયાનું પણ સન્માન કરાયું હતું.

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૨૦૯/૨૦૨૪

અરજદાર :- શ્રી અશોકકુમાર રતિલાલ જાની
સરનામું:- મું.મોટા ઉચાણીયા, જાફરાબાદ, તા.જાફરાબાદ, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને,
ચીફ ઓફીસરશ્રી - નગરપાલિકા જાફરાબાદ
મું. જાફરાબાદ, તા.જાફરાબાદ, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના જાફરાબાદ ગામના શ્રી અશોકકુમાર રતિલાલ જાની એ તેમના માતા નામે સ્વ.શ્રી નિર્મળાબેન રતિલાલ જાનીનું મરણ તા.૨૩/૦૪/૨૦૦૯ ના રોજ મરણ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી કે.એમ.બારૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૦૭ માહે, જાન્યુઆરી સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સહી,
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

સ્થળ :- જાફરાબાદ
તારીખ :- ૦૭/૦૧/૨૦૨૫
(કોર્ટનો સિક્કો)

## -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-
## રૂબરૂ સુનાવણી

નં.જન્મ નોંધણી/ અરજી નં.૨૫૮/૨૦૨૫ — તા.૦૯/૦૧/૨૦૨૫

અરજદારશ્રી:- .. ૧. સોલંકી રતુભાઈ જીવાભાઈ
રહે. હાથસણી રોડ, રાધેશ્યામ સોસાયટી, સાવરકુંડલા

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:-........ ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલીકા કચેરી, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી **જાગૃતિબેન રતુભાઇ સોલંકીનો જન્મ તા.૦૧/૦૬/૧૯૮૬** ના રોજ મુ.તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૮/૦૧/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાનાં હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૯/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

## //તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયા ની કોર્ટમાં//

જન્મ નોંધ અરજી રજી.નં.૦૧/૨૦૨૫

**અરજદાર...** (૧)શ્રી દેવાણી અનસુયાબેન જયંતિલાલ W/O નરેશભાઈ ગજેરા
રે.વાશીયાળી , તા.સાવરકુંડલા, જિ.અમરેલી

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા........** તલાટી કમ મંત્રી - વ - જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,ગ્રામ પંચાયત કચેરી,હરીપુર, તા.લીલીયા,જિ.અમરેલી

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરાવામાં આવે છે કે,અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના વાશીયાળી ગામના રહીશ શ્રી દેવાણી અનસુયાબેન જયંતીલાલ એ તેમના પોતાનો જન્મ હરીપુર મુકામે તા.૦૧/૦૬/૧૯૭૬ના રોજ થયેલ છે. જેની જન્મનોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ જન્મ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદારશ્રી દેવાણી અનસુયાબેન જયંતીલાલના પોતાના જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને-૧૯૭૬ માં થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરીયાત ઉભી થતા. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા. ૦૪/૦૨/૨૦૨૫ રોજ ૧૬:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૮/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

## //તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયા ની કોર્ટમાં//

જન્મ નોંધ અરજી રજી.નં.૦૨/૨૦૨૫

**અરજદાર...** (૧)શ્રી પુંજીબેન વીરાભાઈ ચૌહાણ W/O દેવજીભાઈ ચાવડા
રે.આંબા, તા.લીલીયા, જિ.અમરેલી
(હાલ-એ/૧૦૬, જૈનમ રેસીડન્સી, નીરગુણ એવન્યુ, સ્વામીનારાયણ પાર્ક-૧, નારોલ,અમદાવાદ)

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા........** તલાટી કમ મંત્રી - વ - જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,ગ્રામ પંચાયત કચેરી,આંબા, તા.લીલીયા,જિ.અમરેલી

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરાવામાં આવે છે કે,અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના આંબા ગામના રહીશ શ્રી પુંજીબેન વીરાભાઈ ચૌહાણ એ તેમના પોતાનો જન્મ આંબા મુકામે તા.૧૫/૦૩/૧૯૫૭ના રોજ થયેલ છે. જેની જન્મનોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ જન્મ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદારશ્રી પુંજીબેન વીરાભાઈ ચૌહાણના પોતાના જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને-૧૯૫૭માં થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરીયાત ઉભી થતા. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા. ૦૪/૦૨/૨૦૨૫ ના રોજ સવારના ૧૬:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૮/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

# બિહારના પશ્ચિમ ચંપારણમાં ઝેરી દારૂ પીવાથી ૭ લોકોના થયા મોત


પટણા,તા.૨૦



બિહારના પશ્ચિમ ચંપારણ જિલ્લામાં ઝેરી દારૂ પીવાથી સાત લોકોના મોત થયા હતા, જેના પગલે વહીવટીતંત્રે તપાસના આદેશ આપ્યા છે. રવિવારે એક પોલીસ અધિકારીએ આ માહિતી આપી. જોકે, આ ઘટના જૂની છે. અધિકારીએ જણાવ્યું હતું કે, પોલીસને રવિવારે મૃત્યુ વિશે ખબર પડી, જોકે પહેલું મૃત્યુ ચાર દિવસ પહેલા થયું હતું અને સાતેયના મૃતદેહનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો. જિલ્લા પોલીસ અધિક્ષક શૌર્ય સુમને જણાવ્યું હતું કે તમામ મૃત્યુ લૌરિયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયા છે. સ્થાનિકોએ ઝેરી દારૂના સેવનને કારણે મૃત્યુ થયા હોવાનો આરોપ લગાવ્યો હતો, પરંતુ એસપીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે છેલ્લા બે મૃત્યુ પાછળ દારૂ કારણભૂત નથી. સુમને કહ્યું કે એક વ્યક્તિ ટ્રેક્ટરથી અથડાઈ હતી, જ્યારે બીજો લકવાગ્રસ્ત થઈ ગયો હતો. પહેલું મૃત્યુ ૧૫ જાન્યુઆરીએ થયું હતું, જોકે અમને આ ઘટના વિશે આજે જ ખબર પડી.

# અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના શપથ ગ્રહણ સમારોહમાં વિશ્વના નેતાઓની હાજરી

વોશિગ્ટન,તા.૨૦



અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ફરી એકવાર રાષ્ટ્રપતિ બનવાની તૈયારી કરી રહ્યા છે. ટ્રમ્પના સમર્થકોમાં ઉત્સાહનું વાતાવરણ છે, જ્યારે ટ્રમ્પને પસંદ ન કરતા લોકોએ ચિંતા વ્યક્ત કરી છે. ટ્રમ્પના શપથ ગ્રહણ સમારોહમાં મોટી સંખ્યામાં લોકો હાજર રહે તેવી અપેક્ષા છે. આ પ્રસંગે, ટ્રમ્પ તેમના સમર્થકોને સંબોધિત કરશે અને તેમને તેમની ભવિષ્યની યોજનાઓ વિશે જણાવી શકે છે. ટ્રમ્પના કાર્યક્રમમાં વિશ્વભરના નેતાઓ, ઉદ્યોગપતિઓ અને હસ્તીઓ હાજરી આપી રહ્યા છે. ટ્રમ્પના શપથ ગ્રહણ સમારોહની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે અને કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. ડોનાલ્ડ ટ્રમ્પ આજે (૨૦ જાન્યુઆરી) દેશના ૪૭મા રાષ્ટ્રપતિ તરીકે પદ અને ગુપ્તતાના શપથ લીધા હતા. આ શપથ સમારોહ ભારતીય સમય મુજબ રાત્રે ૧૦:૩૦ વાગ્યે થયા હતા. જેમાં વિશ્વના નેતાઓએ હાજરી આપી હતી.

# મૃત્યુદંડને આજીવન કેદમાં ફેરવવાની બલવંત સિંહની માંગ પર કેન્દ્ર નિર્ણય લે : સુપ્રીમ

નવીદિલ્હી,તા.૨૦

પંજાબના ભૂતપૂર્વ મુખ્યમંત્રી બિઅંત સિંહની હત્યાના દોષિત બલવંત સિંહ રાજોઆનાની ફાંસીની સજાને આજીવન કેદમાં રૂપાંતરિત કરવાની માંગ પર નિર્ણય લેવા માટે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને ૧૮ માર્ચ સુધીનો સમય આપ્યો છે. કોર્ટે કહ્યું કે કેન્દ્ર સરકારને આપવામાં આવેલી આ છેલ્લી તક છે. જો કેન્દ્ર સરકાર આ મામલે નિર્ણય લેવામાં અસમર્થ રહે છે, તો કોર્ટ યોગ્યતાના આધારે સુનાવણી શરૂ કરશે. આ કેસમાં કેન્દ્ર સરકાર વતી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું કે આ એક મુખ્યમંત્રી સહિત ૧૬ લોકોની હત્યાનો કેસ છે, સરકાર હજુ પણ આ મુદ્દા પર વિચાર કરી રહી છે. છેલ્લી સુનાવણીમાં પણ સુપ્રીમ કોર્ટે ગૃહ મંત્રાલયને રાજોઆનાની દયા અરજી પર ઝડપી નિર્ણય લેવા કહ્યું હતું. બળવંત સિંહ રાજોઆના લગભગ ૨૭ વર્ષથી જેલમાં છે અને તેમની દયા અરજી ૧૨ વર્ષથી કેન્દ્ર સરકાર પાસે પેન્ડિંગ છે.

# દેશના સ્વ-બચાવના 'અધિકાર'ને સમર્થન આપવા બદલ ભારતનો આભાર માનતુ ઈઝરાયેલ

(એચ.એસ.એલ),ગાઝા,તા.૨૦



ગાઝામાં યુદ્ધવિરામ અમલમાં આવ્યા બાદ ઈઝરાયેલના રાજદૂત રુવેન અઝારે રવિવારે પોતાના દેશના સ્વ-બચાવના 'અધિકાર'ને સમર્થન આપવા બદલ ભારતનો આભાર માન્યો હતો. અઝારે ઈઝરાયલી દૂતાવાસ દ્વારા જાહેર કરાયેલા એક વીડિયોમાં જણાવ્યું હતું કે, "હું ભારત સરકારનો આત્મરક્ષાના અમારા અધિકારને સમર્થન આપવા બદલ આભાર માનવા માંગુ છું." અમે ખાસ કરીને ભારતીય લોકોના સમર્થનની પ્રશંસા કરીએ છીએ. ૭ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ, હમાસ દ્વારા ઈઝરાયેલના શહેરો પરના હુમલાના જવાબમાં ઈઝરાયેલે ગાઝા પર લશ્કરી હડતાલ શરૂ કરી. હમાસ દ્વારા કરવામાં આવેલા હુમલાની સખત નિંદા કરતા ભારત સતત યુદ્ધવિરામની હાકલ કરી રહ્યું છે. ભારતે ગાઝા યુદ્ધવિરામ કરારનું સ્વાગત કર્યું છે. યુદ્ધવિરામ બાદ હમાસે ત્રણ ઈઝરાયેલ બંધકોને મુક્ત કર્યા છે. આ ત્રણેય ઈઝરાયલી મહિલાઓ રેડક્રોસના વાહનમાં ઈઝરાયેલ પહોંચી હતી. વિશાળ જનમેદનીએ તેમનું સ્વાગત કર્યું.

# ઉત્તરપ્રદેશમાં ૫૫ વર્ષ સુધી બંધારણ વારંવાર બદલાયુ : મુખ્યમંત્રી યોગીના કોંગ્રેસ પર પ્રહાર

લખનૌ,તા.૨૦

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આડકતરી રીતે કોંગ્રેસ પર નિશાન સાધ્યું અને કહ્યું કે જે લોકો બંધારણનું રક્ષણ કરવાનો દાવો કરે છે તેઓ તેના મૂળભૂત સિદ્ધાંતોને બદલવા માટે જવાબદાર છે. તેમણે કહ્યું કે આવા લોકોએ મહાકુંભમાં આવવું જોઈએ જેથી બંધારણના સન્માનનો સાચો અર્થ સમજી શકાય. મુખ્યમંત્રીએ રવિવારે ત્રિવેણી માર્ગ પર સેક્ટર ૪ ખાતે આવેલી બંધારણ ગેલેરીની મુલાકાત લેતા આ નિવેદન આપ્યું હતું. ગેલેરીની મુલાકાત લેતી વખતે યોગી આદિત્યનાથે કહ્યું, એક ચોક્કસ પક્ષે પોતાના અંગત હિતોને પૂર્ણ કરવા માટે ૫૫ વર્ષ સુધી વારંવાર બંધારણમાં સુધારો કર્યો, જેનાથી તેના મૂળભૂત સિદ્ધાંતો નબળા પડ્યા. જોકે, તેમણે કોઈપણ પક્ષનું નામ લેવાનું ટાળ્યું અને એમ પણ કહ્યું કે જે લોકો નાટકીય રીતે બંધારણ હાથમાં લઈને શપથ લે છે તેમની પાસે ન તો ઘરે બંધારણની નકલ હશે અને ન તો તેમણે ક્યારેય તે વાંચી હશે.

# સફળતા વ્યક્તિગત નથી. સફળતા ત્યારે જ મળે છે જ્યારે તમે આખી દુનિયાને વધુ સારી જગ્યા બનાવો છો : ગૌતમ અદાણી

મુંબઈ,તા.૨૦



અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીએ અદાણી ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓને સંબોધિત કર્યા. આ દરમિયાન તેમણે વિદ્યાર્થીઓને કહ્યું કે સફળતા વ્યક્તિગત નથી. સફળતા ત્યારે જ મળે છે જ્યારે તમે આખી દુનિયાને વધુ સારી જગ્યા બનાવો છો. સફળતાની સાથે, તમારે એક સારી દુનિયા માટે પણ કામ કરવું જોઈએ. આપણી દુનિયા ઝડપથી બદલાઈ રહી છે. મારું માનવું છે કે શિક્ષકો તમને ફક્ત પરીક્ષા માટે જ તૈયાર કરતા નથી, પરંતુ તેઓ તમને જીવન માટે પણ તૈયાર કરે છે. ગૌતમ અદાણીએ કહ્યું કે જ્યારે મેં મારી સફર શરૂ કરી ત્યારે મારી પાસે કોઈ રોડમેપ, સંસાધનો અને જોડાણો નહોતા. મને ફક્ત સપના જ હતા. કેટલાક અર્થપૂર્ણ કાર્યો કરવાના સપના. કંઈક એવું જે મારો આત્મવિશ્વાસ વધારે છે. મને રોજ આ સ્વપ્ન આવતું હતું. વાલીપણાનો અર્થ ફક્ત તમારા બાળકના ભવિષ્યને ઘડવાનો નથી, પરંતુ તેમને રાષ્ટ્રના ભવિષ્યના નિર્માણ માટે પ્રેરણા આપવાનો છે.

# લખીમપુર હિંસાના સાક્ષીઓને ધમકાવવાના આરોપો પર સુપ્રીમ કોર્ટે પોલીસ પાસેથી રિપોર્ટ માંગ્યો

નવીદિલ્હી,તા.૨૦

૨૦૨૧ના લખીમપુર હિંસા કેસમાં સાક્ષીઓને ધમકાવવાના આરોપો પર સુપ્રીમ કોર્ટે કડક વલણ અપનાવ્યું છે. મુખ્ય આરોપી અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી અજય મિશ્રાના પુત્ર આશિષ મિશ્રા ટેની વિરુદ્ધ સાક્ષીઓને પ્રભાવિત કરવાના આરોપો પર કોર્ટે યુપી પોલીસ પાસેથી રિપોર્ટ માંગ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે લખીમપુર ખેરીના એસપી આ મામલાની તપાસ કરે અને સંપૂર્ણ રિપોર્ટ રજૂ કરે. સુપ્રીમ કોર્ટમાં, ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ એન. કોટિશ્વર સિંહની બેન્ચે સાક્ષીઓને ધમકાવવાના આરોપો પર સખત નારાજગી વ્યક્ત કરી. દરમિયાન, આરોપી આશિષ મિશ્રાના વકીલ સિદ્ધાર્થ દવેએ આરોપોને નકારી કાઢ્યા. આરોપીના વકીલે કહ્યું કે જ્યારે પણ મામલો કોર્ટ સમક્ષ આવે છે, ત્યારે સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા જામીન રદ કરવા માટે આવા દાવા કરવામાં આવે છે. તેમના ક્લાયન્ટને બિનજરૂરી રીતે નિશાન બનાવવામાં આવી રહ્યા છે.

# રાજસ્થાનમાં ૨૯ જાન્યુઆરીએ ખેડૂતોના ગામ બંધ આંદોલનને ૪૫ હજાર ગામોના લોકો સમર્થન આપશે

(એચ.એસ.એલ),જયપુર,તા.૨૦



રાજસ્થાનમાં કિસાન મહાપંચાયતે ૨૯ જાન્યુઆરીએ ગામ બંધનું એલાન આપ્યું છે. આ આંદોલનની તૈયારી માટે અલવરના હરસોલીમાં ખેડૂત મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યું હતું. આમાં ૨૧ જિલ્લાના ખેડૂતો એક થયા. કિસાન મહાપંચાયતના રાષ્ટ્રીય અધ્યક્ષ રામપાલ જાટે જણાવ્યું હતું કે ખેડૂત નેતાઓ ગામડે ગામડે જઈને ખેડૂતો પાસેથી સમર્થન માંગી રહ્યા છે. ગામ બંધ આંદોલનમાં, ગામનો પાક ગામની બહાર જશે નહીં. રામપાલ જાટે જણાવ્યું હતું કે આંદોલનને ૨૬ જિલ્લાના ખેડૂતોનો ટેકો મળ્યો છે.


# બિડેનના પ્રયાસોને કારણે અમેરિકા-ભારત સંબંધો નવી ઊંચાઈએ પહોંચ્યા : યુ.એસ. રાજદૂત

(એચ.એસ.એલ),બેંગ્લુરૂ,તા.૨૦

ભારતમાં અમેરિકાના રાજદૂત એરિક ગારસેટ્ટીએ જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને જો બિડેનના પ્રયાસોને કારણે અમેરિકા-ભારત સંબંધો નવી ઊંચાઈએ પહોંચ્યા છે. ગારસેટ્ટી અને તેમનો પરિવાર રવિવારે પીએમ મોદીને મળ્યા હતા. ગારસેટ્ટીએ જણાવ્યું હતું કે બંને નેતાઓએ વિઝા, વેપાર, સંરક્ષણ સહયોગ, અવકાશ સહયોગ, વિદ્યાર્થી વિનિમય અને રોકાણો સહિત વિવિધ ક્ષેત્રોમાં રેકોર્ડબ્રેક સીમાચિહ્નો હાંસલ કર્યા છે. એકસ પરની એક પોસ્ટમાં, એરિક ગારસેટ્ટીએ કહ્યું, 'પીએમ મોદીની તેમના પરિવાર સાથે એક અદ્ભુત અંતિમ મુલાકાત થઈ. તે સ્પષ્ટ છે કે તેમણે અને રાષ્ટ્રપતિ બિડેને અમારી રસપ્રદ અને પરિણામલક્ષી યુએસ-ભારત ભાગીદારીને નવી ઊંચાઈઓ પર લઈ ગયા છે - રેકોર્ડ વિઝા, રેકોર્ડ વેપાર, રેકોર્ડ સંરક્ષણ સહયોગ, રેકોર્ડ અવકાશ સહયોગ, રેકોર્ડ વિદ્યાર્થીઓ, રેકોર્ડ રોકાણ અને ઘણું બધું.'

# મુકેશ અંબાણી અને નીતા અંબાણીએ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે કરી મુલાકાત, શપથ ગ્રહણ સમારોહમાં થયા સામેલ

નવીદિલ્હી,તા.૨૦



અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પદના શપથ લેશે. શપથ ગ્રહણ સમારોહ પહેલા વિશ્વના અનેક વરિષ્ઠ રાજનેતાઓ હાજરી આપવા વોશિંગ્ટન પહોંચી રહ્યા છે. આ ભવ્ય કાર્યક્રમ પહેલા અમેરિકામાં ડિનરનું આયોજન કરવામાં આવ્યું હતું. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી અને રિલાયન્સ ફાઉન્ડેશનના ચેરપર્સન નીતા અંબાણી પણ તેમાં સામેલ થયા હતા. ટ્રમ્પના શપથ સમારોહમાં અમેરિકાના કેટલાક પ્રભાવશાળી અબજોપતિઓ અને રાજકારણીઓ તેમજ વિદેશી નેતાઓ અને સેલિબ્રિટીઓ હાજરી આપે તેવી અપેક્ષા છે. ૧૮ જાન્યુઆરીએ અમેરિકાની રાજધાની વોશિંગ્ટન પહોંચેલા અંબાણી એ પસંદગીના ૧૦૦ લોકોમાં સામેલ હતા જેમણે ગઈકાલે સાંજે ટ્રમ્પ સાથે ડિનરમાં ભાગ લીધો હતો. રાત્રિભોજનમાં હાજરી આપનાર તેઓ કદાચ એકમાત્ર ભારતીય હતા, જ્યાં ઉપપ્રમુખ-ચુંટાયેલા જેડી અને ઉષા વાંસ પણ તેમને મળ્યા હતા.

# રાહુલ ગાંધીને સુપ્રીમ કોર્ટથી મોટી રાહત, માનહાનિનો કેસ સ્થગિત

નવીદિલ્હી,તા.૨૦

રાહુલ ગાંધીને સુપ્રીમ કોર્ટમાંથી મોટી રાહત મળી છે. હકીકતમાં, સુપ્રીમ કોર્ટે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ વિરુદ્ધ કથિત અપમાનજનક ટિપ્પણી બદલ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ દાખલ કરાયેલા ફોજદારી માનહાનિના કેસમાં નીચલી અદાલતની કાર્યવાહી પર રોક લગાવી દીધી છે. ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના કાર્યકર નવીન ઝાએ ૨૦૧૯ માં રાહુલ ગાંધી વિરુદ્ધ અમિત શાહ વિરુદ્ધ કથિત ટિપ્પણી બદલ કેસ દાખલ કર્યો હતો. તમને જણાવી દઈએ કે આજે સુપ્રીમ કોર્ટમાં ઝારખંડમાં ચાલી રહેલા માનહાનિના કેસને રદ કરવાની માંગ કરતી અરજી પર સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ કેસમાં સુપ્રીમ કોર્ટે વિપક્ષના નેતા રાહુલ ગાંધીને રાહત આપી છે. રાંચીની નીચલી કોર્ટમાં ચાલી રહેલા માનહાનિના કેસ પર સુપ્રીમ કોર્ટે સ્ટે લગાવી દીધો છે. રાહુલ ગાંધીની અરજી પર સુપ્રીમ કોર્ટે ઝારખંડ સરકાર અને ફરિયાદી નવીન ઝાને નોટિસ ફટકારી છે.

# આઈપીએલ ૨૦૨૫ પહેલા ઋષભ પંત લખનૌ સુપર જાયન્ટ્સનો કેપ્ટન બન્યો

નવીદિલ્હી,તા.૨૦



આઈપીએલ ૨૦૨૫ નું આયોજન ૨૧ માર્ચથી થશે. ટુર્નામેન્ટ શરૂ થાય તે પહેલાં, બધી ટીમો ધીમે ધીમે તેમના કેપ્ટનના નામ જાહેર કરી રહી છે. થોડા દિવસો પહેલા પંજાબ કિંગ્સ ટીમે શ્રેયસ ઐયરને પોતાનો કેપ્ટન બનાવ્યો હતો. આ દરમિયાન, લખનૌ સુપર જાયન્ટ્સ ટીમે પણ તેના કેપ્ટનની જાહેરાત કરી દીધી છે. ઋષભ પંત ટીમના નવા કેપ્ટન હશે. આગામી સિઝનમાં એલએસજી ટીમનું નેતૃત્વ કોણ કરશે. લખનૌ સુપર જાયન્ટ્સે તેને હરાજીમાં ૨૭ કરોડ રૂપિયામાં ખરીદ્યો. જે આઈપીએલના ઈતિહાસમાં સૌથી મોંઘી બોલી હતી. રિષભ પંતે અગાઉ દિલ્હી કેપિટલ્સનું નેતૃત્વ કર્યું હતું.લખનૌ સુપર જાયન્ટ્સ ટીમ આઈપીએલ ૨૦૨૨ થી રમી રહી છે. ૨૦૨૨, ૨૦૨૩ અને ૨૦૨૪ ના વર્ષોમાં, લખનૌ સુપર જાયન્ટ્સનું નેતૃત્વ કેએલ રાહુલે કર્યું હતું. તેમની કેપ્ટનશીપ હેઠળ, ટીમે ૨૦૨૨ અને ૨૦૨૩ માં પ્લેઓફ માટે ક્વોલિફાય કર્યું હતું, પરંતુ તેમની ટીમ ૨૦૨૪ માં તેમ કરી શકી ન હતી.

# શાંતિ મંત્રણા નિષ્ફળ ગયા બાદ કોલંબિયામાં ફાટી નિકળેલી હિંસામાં ૮૦થી વધુ લોકોના મોત

કોલંબિયા,તા.૨૦



બળવાખોર જૂથ સાથે શાંતિ મંત્રણા નિષ્ફળ ગયા બાદ કોલંબિયામાં હિંસા ચાલુ છે. આ હિંસામાં અત્યાર સુધીમાં ૮૦ થી વધુ લોકોનાં મોત થયા છે અને લગભગ બે ડઝન લોકો ઘાયલ થયા છે. હિંસાને કારણે હજારો લોકો વિસ્થાપિત થયા છે. આ હિંસા કોલંબિયાના કેટાટુમ્બો વિસ્તારમાં થઈ રહી છે. હિંસાને ધ્યાનમાં રાખીને, કોલંબિયા સરકારે આ વિસ્તારમાં પાંચ હજાર સુરક્ષા દળો તૈનાત કર્યા છે. કેટાટુમ્બો પ્રદેશ કોકેઈનના ઉત્પાદન અને હેરફેર માટે કુખ્યાત છે. આ હિંસા બે સશસ્ત્ર જૂથો વચ્ચે થઈ રહી છે જેનો પ્રદેશમાં પ્રભાવ છે નેશનલ લિબરેશન આર્મી અને કોલમ્બિયન રિવોલ્યુશનરી આર્મ્ડ ફોર્સિસ . નેશનલ લિબરેશન આર્મીથી અલગ થયા બાદ ૨૦૧૭ માં રિવોલ્યુશનરી આર્મ્ડ ફોર્સની રચના કરવામાં આવી હતી. આ બંને જૂથો વચ્ચે શાંતિ લાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા હતા, પરંતુ તે નિષ્ફળ ગયા પછી, હિંસા ફાટી નીકળી. ઘણા સામાન્ય નાગરિકો પણ આ હિંસાનો ભોગ બન્યા છે.

# રાજ્યમાં ઠંડી સાથે વરસાદ આવવાની આગાહી કરતા અંબાલાલ પટેલ

અમદાવાદ,તા.૨૦

આગામી દિવસોમાં ગુજરાતના હવામાનમાં મોટો પલટો જોવા મળી શકે છે. આગાહીકાર અંબાલાલ પટેલે ભારે ઠંડી સાથે માવઠાની પણ આગાહી કરી છે. જેથી કરીને ગુજરાતીઓ હવે ભર શિયાળામાં વરસાદની થપાટ માટે પણ તૈયાર રહેજો. જાણો કયા વિસ્તારોમાં કયારે વરસાદ વરસી શકે છે. આગાહીકાર અંબાલાલ પટેલે આગાહી કરતા જણાવ્યું કે ઠંડીમાં બે દિવસ ઘટાડો થશે. ૨૨-૨૩ જાન્યુઆરીથી દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં હિમ વર્ષાની સંભાવના રહેલી છે. જેના કારણે ૨૨-૨૩ જાન્યુઆરીએ ગુજરાતમાં ઠંડી વધશે. અંબાલાલ પટેલે વધુમાં કહ્યું કે , ૨૪-૨૫ જાન્યુઆરીએ દક્ષિણ ભારતમાં વરસાદ થતા તેની અસર સ્વરૂપે પશ્ચિમ ભારતમાં વાદળો આવવાની શક્યતા છે. દક્ષિણ



ગુજરાતમાં વાદળછાયું વાતાવરણ રહેશે. આગાહી મુજબ આગામી ૨૭ થી ૩૦ જાન્યુઆરી દરમિયાન મજબૂત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવે તેવી શક્યતા છે જેના કારણે રાજ્યમાં માવઠાની શક્યતા પણ રહેલી છે. દક્ષિણ - પૂર્વ અને ઉત્તર ગુજરાતમાં વરસાદી છાંટા પડી શકે છે. અંબાલાલની આગાહી મુજબ ફેબ્રુઆરીની શરૂઆતમાં પણ હવામાનમાં પલટો આવી શકે છે. ૭ થી ૯ ફેબ્રુઆરીમાં વાદળવાયું આવી શકે. એટલે કે વાદળા આવી શકે છે. બીજી બાજુ રાજ્ય હવામાન વિભાગના જણાવ્યાં મુજબ મંગળવારથી ઠંડીમાં વધારો થવાની શક્યતા છે.

# અમરેલી લેટરકાંડની તપાસ કરવા ડીઆઈજી નિર્લીપ્ત રાયનું આગમન

અમરેલી,તા.૨૦

અમરેલી લેટરકાંડમાં બરાબરનો રાજકિય રંગ લાગ્યો છે. મામલો ગાંધીનગર સુધી પહોંચતાં તપાસ SMCને સોંપાતા SMCના વડા નિર્લિપ્ત રાય તપાસ માટે અમરેલી પહોચ્યા છે. જે પાટીદાર યુવતીનું રીકન્ટ્રકશન કરવામાં આવ્યુ હતુ તે પાયલ ગોટીને પણ નિવેદન માટે બોલાવવામાં આવ્યા હતા. અને તાલુકા પંચાયતના પ્રમુખ કિશોરભાઈ



કાનપરીયાને પણ બોલાવવામાં આવ્યા હતા. તેમજ ડીઆઈજીના વડા નિર્લીપ્ત રાય ત્રણ વર્ષ કરતા વધારે સમયથી અમરેલી જિલ્લા પોલીસ વડા તરીકે કામ કરી ચુકયા છે ત્યારે લેટરકાંડની તપાસ તેમને સોંપવામાં આવતા અમરેલી પોલીસથી પરિચિત એવા ડીઆઈજી રાયનું આગમન થતા જ અમુક પોલીસ કર્મચારીઓમાં પણ ફફડાટ ફેલાયો છે. ડીઆઈજીના આગમન બાદ લેટરકાંડમાં સસપેન્ડ થયેલા પોલીસ કર્મીઓ, સાયબર સેલના પીઆઈ પરમાર, એલસીબીના પીઆઈ પટેલ સહિતના પોલીસ કર્મીઓ હાજર રહ્યાં હતા. ડીઆઈજી લેટરકાંડ બાબતે જવાબદારોના નિવેદન નોંધી રાજયના ગૃહમંત્રાલયને રીપોર્ટ સોંપશે.

# ખ્યાતિકાંડના આરોપી કાર્તિકને લઈ પોલીસ હોસ્પિટલ પહોંચી

અમદાવાદ,તા.૨૦



અમદાવાદના એસજી હાઈવે પર આવેલી ખ્યાતિ મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલમાં સર્જાયેલા કાંડ મામલે હોસ્પિટલના ચેરમેન કાર્તિક પટેલની ધરપકડ કરાયા બાદ હાલ તે રિમાન્ડ પર છે. આજે પોલીસ તેને ખ્યાતિ હોસ્પિટલ લઈને પહોંચી હતી. ખ્યાતિ હોસ્પિટલની જે ચેમ્બરમાં બેસી કાર્તિક પટેલે કાવતરા ઘડ્યા હતા ત્યાં જ આજે આરોપી તરીકે પહોંચ્યો હતો. કાર્તિકના ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર થયા હોય પોલીસે આ ગુનામાં સામેલ અન્ય આરોપીને અને કાર્તિકને સાથે રાખી પૂછપરછ કરવાનો પણ નિર્ણય કરાયો છે. જેમાં કઈ રીતે ભેગા મળીને ખ્યાતિનો ખેલ પડ્યો, ક્યારે અને કઈ રીતે PMJAY કૌભાંડ શરૂ કર્યું તેના રાજ ખૂલશે.

# કોળી ઠાકોર સેના દ્વારા તા.૨૫ જાન્યુ.એ ગુજરાત બંધનું એલાન

રાજકોટ, તા.૨૦

રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના વિંછીયા ખાતે પથ્થરમારાની ઘટનામાં પોલીસે કેટલાક યુવાનોની ધરપકડ કર્યા બાદ મામલો વધુ જટિલ બન્યો છે. કોળી ઠાકોર સેના દ્વારા અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે. આ અલ્ટીમેટમ મુજબ, જો પાંચ દિવસમાં જવાબદાર પોલીસકર્મીઓ સામે યોગ્ય કાર્યવાહી નહીં થાય, તો ૨૫મી તારીખે ગુજરાત બંધનું એલાન આપવામાં આવશે. રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના વિંછીયા ગામમાં ઘનશ્યામ રાજપરા નામના સ્થાનિક યુવાનની હત્યા કરવામાં આવી હતી. આ કેસમાં આરોપીની ધરપકડ કર્યા બાદ પોલીસે ઘટનાસ્થળનું રિકન્સટ્રકશન કરવાની પ્રક્રિયા શરૂ કરી દીધી હતી. દરમિયાન અસામાજિક તત્વોના ટોળાએ પોલીસ પર પથ્થરમારો કર્યો હતો. ટોળાને વિખેરવા માટે પોલીસે ટીયર ગેસના સેલ છોડવા પડ્યા હતા. પોલીસે ૮૪ કોળી યુવાનોની ધરપકડ પણ કરી હતી, પરિણામે મામલો વધુ બિચક્યો હતો. અનુસંધાને કોળી-ઠાકોર સમાજના આગેવાનો દ્વારા પોલીસને અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે.

# ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર ૧૯મી ફેબ્રુઆરીએ શરૂ થશે

ગાંધીનગર,તા.૨૦

ગુજરાત વિધાનસભાનું બજેટસત્ર આગામી મહિનામાં યોજાશે. જે ૧૯મી ફેબ્રુઆરીથી શરૂ થશે અને ૨૮મી માર્ચ સુધી ચાલશે. સુત્રોની માહિતી પ્રમાણે નાણામંત્રી કનુભાઈ દેસાઈ ૨૦મી ફેબુઆરીએ વર્ષ ૨૦૨૫-૨૬નું બજેટ રજૂ કરે તેવી શક્યતા છે.




આ સત્રમાં જંત્રીના દરમાં રાહત મળી શકે તેવી સંભાવના છે. તો આગામી સમયમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પણ આવતી હોવાથી સરકાર કેટલાક પ્રજાલક્ષી નિર્ણયો પણ લઈ શકે છે. સાથે જ લોકોને કેટલીક રાહતો પણ આપી શકે છે. ખેડૂતલક્ષી મહત્ત્વના નિર્ણયો લેવાય તેવી પણ ચર્ચા છે. બજેટ સત્રની તારીખનો હુકમ રાજ્યપાલ દ્વારા કરવામાં આવ્યો છે. ૧૯ ફેબ્રુઆરીએ બપોરે ૧૨ વાગ્યે બજેટસત્રની શરૂઆત થશે.

# મહાકુંભ મેળામાં ૩૦ લાખ ગુજરાતી શ્રદ્ધાળુઓએ શાહી સ્નાનનો લાભ લીધો

ગાંધીનગર,તા.૨૦

મહાકુંભમાં શાહી સ્નાનનો લાભ લગભગ ત્રીસ લાખ ગુજરાતી ભક્તોએ લીધો હતો. આ અંગે સેક્ટર-૨૦ સ્થિત નિરંજની અખાડાના સાધુ હર્ષવર્ધન ગિરીએ કહ્યું, 'અહીં, દરેક ચોથા ભક્તમાંથી એક ગુજરાતી છે. ગુજરાતના લોકો, ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છના લોકો અહીં મોટી સંખ્યામાં આવ્યા છે. પ્રયાગ માટે સીધી ફ્લાઈટ્સ અને ખાસ ટ્રેનોએ ગુજરાતના ભક્તોની સુવિધામાં વધારો કર્યો છે. જ્યારે શાહી સ્નાન થયું ત્યારે એક જ દિવસમાં લગભગ ત્રણ કરોડ લોકોએ કુંભ સ્નાનનો લાભ લીધો હતો. જોકે, સમગ્ર નદી કિનારો ૪૮ કિલોમીટર લાંબો હોવાથી, કોઈપણ ભક્ત ગમે ત્યાં કુંભ સ્નાન કરી શકે છે. હાલમાં વેરાવળથી શરૂ થયેલી પ્રયાગરાજ સ્પેશિયલ ટ્રેનમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ કુંભ તરફ જઈ રહ્યા છે. આ વખતે ઉત્તર પ્રદેશ સરકાર વધુ સક્રિય બની છે અને મહાકુંભ માટે વ્યવસ્થા કરી છે.

# જિલ્લા અને મહાનગરોના ભાજપ પ્રમુખોના નામની જાહેરાત ન થતા નેતાઓ ઉંચા-નીચા

**અનેક જિલ્લામાં આંતરિક અસંતોષ હોવાની ચર્ચાઓ**

રાજકોટ, તા.૨૦

ગુજરાતમાં ભાજપના સંગઠન નવરચનાની પ્રક્રિયામાં સતત સર્જાઈ રહેલા વિલંબ અને પ્રદેશ પ્રમુખની પસંદગી પ્રક્રિયા માટે કેન્દ્રીય નિરીક્ષકની નિયુક્તિ પછી પણ હજુ જિલ્લા અને મહાનગરોના પ્રમુખોના નામની જાહેરાત ન થતાં હવે અનેક શેડ્યુલો એક બીજા સાથે મિક્સ અપ થઈ જાય તેવા સંકેત છે અને મોવડી મંડળના મનમાં શું ચાલી રહ્યું છે તે અંગે કાર્યકર્તાઓમાં ચર્ચા સતત વધી રહી છે તો નેતાઓ પણ ઉંચા-નીચા થઈ રહ્યા છે. ફકત બે કે ત્રણ વ્યકિતઓ સુધી જ આખરી નિર્ણય અટવાયો હોવાનું માનવામાં આવે છે. પક્ષના જિલ્લા અને મહાનગરોના પ્રમુખોની નિયુક્તિ માટે છેક દિલ્હી સુધી કવાયત થઈ ગઈ છે. ખાસ કરીને ગુજરાતમાં હવે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીના પડઘમ પણ વાગવા લાગ્યા છે અને આગામી મહિનાના મધ્યમાં ચૂંટણી યોજાશે તેવું મનાય છે તે સમયે જિલ્લાનું નવું સંગઠન મહત્વનું બની જાય છે. પરંતુ ભાજપમાં અનેક જિલ્લાઓમાં પણ આંતરીક અસંતોષ છે અને મોવડી મંડળ સુધી તેની રજુઆત ગઈ છે.

# અમદાવાદમાંથી રૂા.૨૭ લાખના ડ્રગ્સના જથ્થા સાથે એક શખ્સ ઝડપાયો

અમદાવાદ,તા.૨૦

ગુજરાત એટીએસનો સ્ટાફ અમદાવાદમાં ચાલતી ગેરકાયદે પ્રવૃત્તિઓ ડામવા પેટ્રોલીંગમાં હોય ત્યારે બાતમી મળી હતી કે લાલ દરવાજા વિસ્તારમાં એક આરોપી ડ્રગ્સ લઈને આવે છે ત્યારે તેને રોકીને તપાસ કરતા તેની પાસેથી ડ્રગ્સ મળી આવ્યું હતુ જેની કિંમત ૨૭ લાખ રૂપિયા છે. એટીએસ દ્વારા આરોપી ફરજાન શેખની ધરપકડ કરવામાં આવી છે અને ડ્રગ્સ કયાંથી લાવ્યો અને કોને આપવાનો હતો તે દિશામાં તપાસ હાથ ધરી છે. આરોપીને લઈ પોલીસે તેના મોબાઈલ ફોનનો ડેટા પણ લીધો છે અને અગાઉ કયાં ડ્રગ્સ આપ્યું અને કોની પાસેથી લાવ્યો તેને લઈ ટેકનિકલી તપાસ હાથધરી છે. આરોપી અગાઉ ૨૦ કિલો ચરસ સાથે ઝડપાયો હતો.

# રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં જળ ક્ષેત્રે ૩૩ હજારથી વધુ કામો પૂર્ણ

ગાંધીનગર,તા.૨૦

જળ સંચય અને જળ સિંચાઈ આજના સમયની જરૂરીયાત છે. જેને ધ્યાને રાખી રાજ્યમાં જળ સંગ્રહ માટે 'સુજલામ સુજલામ' અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. આ અભિયાનના ફલશ્રુતિરૂપે છેલ્લા બે વર્ષમાં જળ ક્ષેત્રે ૩૩ હજારથી વધુ કામો પૂર્ણ કરવામાં આવ્યા છે. જેના થકી પાણીદાર ગુજરાતનું નિર્માણ થયું છે. 'ખેતી માટે પાણી' અને 'ઘર- ઘર સુધી શુદ્ધ પેયજળ' પહોચાડવાના ઉમદા આશયથી તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વર્ષ ૨૦૦૩માં 'સુજલામ સુફલામ' યોજના શરૂ કરવામાં આવી હતી. આ યોજના આજે અન્ય રાજ્યો માટે આદર્શ મોડલ બન્યું છે. વડાપ્રધાનશ્રીએ આપેલો 'સુજલામ સુફલામ'નો વિચાર આજે વટવૃક્ષ બની મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળિયાના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર આ અભિયાનને મહાઅભિયાન બનાવી 'જળ એ જ જીવન'ની વિભાવનાને સાચા અર્થમાં ચરિતાર્થ કરી રહી છે. વર્ષ ૨૦૨૩માં



૨૩,૭૨૫ અને વર્ષ ૨૦૨૪માં ૯,૩૭૪ કામો એમ કુલ ૩૩,૦૯૯ કામો પૂર્ણ થયા છે. ઉપરાંત વર્ષ ૨૦૨૩માં ૨૧,૪૨૫ લાખ ઘન ફૂટ અને વર્ષ ૨૦૨૪માં ૧૧,૫૨૩ લાખ ઘન ફૂટ એમ છેલ્લા બે વર્ષમાં કુલ ૩૨,૯૪૮ લાખ ઘન ફૂટ પાણી સંગ્રહ શક્તિમાં વધારો થયો છે. જ્યારે વર્ષ ૨૦૨૩માં ૬,૭૬૫ કિ.મી.અને વર્ષ ૨૦૨૪માં ૨,૬૧૬ કિ.મી. એમ કુલ મળીને છેલ્લા બે વર્ષમાં ૯,૩૮૧ કિ.મી. નેહરો અને કાંસની સાફ સફાઈ કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૩માં ૭,૫૦૪ અને વર્ષ ૨૦૨૪માં ૧,૯૭૬ એમ કુલ મળીને છેલ્લા બે વર્ષમાં ૯,૪૮૦ તળાવોને ઊંડા કરાયા છે. સાથે જ, વર્ષ ૨૦૨૩માં ૫,૧૫૯ અને વર્ષ ૨૦૨૪માં ૨,૬૧૬ એમ કુલ મળીને છેલ્લા બે વર્ષમાં ૭,૭૭૫ ચેકડેમ ડિસીલ્ટીંગના કામો થયા છે.











